RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 171 Dt. 13-01-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




ફુગાવામાં વધારો શાકભાજી, મસાલા, કઠોળ અને વ્યક્તિગત સંભાળની વસ્તુઓના ભાવમાં વધારાના પગલે

# ડિસેમ્બરમાં મોંઘવારી-ફુગાવાએ માથું ઉંચક્યું

## ૧.૩૩ ટકા મોંઘવારી વધતા બજેટ પૂર્વે નીતિકારો ચિંતિત : નવેમ્બરમાં ફુગાવો ૦.૭ ટકાએ નોંધાયો'તો

નવીદિલ્હી, તા. ૧૨

મોંઘવારી ઉપર કાબુ મેળવવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ડિસેમ્બર મહિનાની વાત કરવામાં આવે તો ફુગાવો ૧.૩૩ ટકા નોંધાયો હતો જે નવેમ્બર માસમાં ૦.૭ ટકા હતો. આ અંગે સરકારે આંકડાઓ પણ રજૂ કર્યા છે. RBIની મર્યાદા ૨% થી નીચે રહ્યો છે. ૨૦૨૫ ના સંપૂર્ણ વર્ષ માટે, સરેરાશ છૂટક ફુગાવાનો દર લગભગ ૨.૨% હતો, જે છેલ્લા દાયકામાં સૌથી નીચો હતો. આ મુખ્યત્વે ખાદ્યપદાર્થોના ભાવમાં તીવ્ર ઘટાડાને કારણે હતો, જેના કારણે ફુગાવો નિયંત્રણમાં રહ્યો.

ફુગાવામાં આ વધારો મુખ્યત્વે શાકભાજી, માંસ અને માછલી, ઈંડા, મસાલા, કઠોળ અને વ્યક્તિગત સંભાળની વસ્તુઓના ભાવમાં વધારાને કારણે થયો હતો. MoSPI અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ માં હેડલાઇન અને ખાદ્ય ફુગાવામાં વધારો આ શ્રેણીઓમાં ભાવ વધારાને કારણે થયો હતો. ICRA ના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયર કહે છે કે જાન્યુઆરી ૨૦૨૬ માં ખાદ્ય ફુગાવો ફરી વધી શકે છે, કારણ કે તે છેલ્લા કેટલાક મહિનાઓથી ડિફ્લેશનમાં છે. આનાથી ચાર મહિનાના વિરામ પછી મુખ્ય ફુગાવો ફરી ૨% થી ઉપર જઈ શકે છે. ખાદ્ય ફુગાવો, જે CPI ના આશરે ૪૦% જેટલો હિસ્સો ધરાવે છે, ડિસેમ્બરમાં -૨.૭% પર ડિફ્લેશનમાં રહ્યો. જોકે, નવેમ્બરમાં -૩.૯% કરતા ઘટાડાની ગતિ ધીમી હતી, એટલે કે ખાદ્ય ભાવમાં ઘટાડો હવે ધીમે ધીમે ધીમો પડી રહ્યો છે. દરમિયાન, મુખ્ય ફુગાવો, એટલે કે ખાદ્ય, H^Z અને પેટ્રોલ અને ડીઝલને બાદ કરતાં, ડિસેમ્બરમાં ૨૮ મહિનાની ઊંચી સપાટીએ ૪.૮% પર પહોંચ્યો, જે નવેમ્બરમાં ૪.૪% હતો. મજબૂત આર્થિક વૃદ્ધિ અને તાજેતરના મહિનાઓમાં ઓછા ફુગાવાને કારણે, RBI એ ડિસેમ્બરમાં વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો, અને હવે બીજા દર ઘટાડાની અપેક્ષાઓ વધી રહી છે.

ડિસેમ્બરમાં ફુગાવો સતત ૧૧મા મહિને ભારતીય રિઝર્વ બેંક (RBI) ના ૪% ના લક્ષ્યાંકથી નીચે રહ્યો. શાકભાજી, કઠોળ, મસાલા, ઈંડા, માંસ અને માછલી, તેમજ વ્યક્તિગત સંભાળ અને ગ્રાહક માલ જેવી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે કોમોડિટીના ભાવમાં વાર્ષિક વધારો થયો છે. આ વસ્તુઓ છેલ્લા એક વર્ષમાં વધુ મોંઘી થઈ છે.વર્તમાન શ્રેણી, જેનો આધાર વર્ષ ૨૦૧૨ છે, તે જાન્યુઆરી ૨૦૧૫ માં બહાર પાડવામાં આવી હતી. નવી શ્રેણી ભારતના ડેટાને અપડેટ કરવાની દિશામાં એક મોટું પગલું હશે. નવી GDP શ્રેણી આ મહિને ૨૭ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે, તેની સાથે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે GDPના બીજા એડવાન્સ અંદાજ પણ રજૂ કરવામાં આવશે. તેનું આધાર વર્ષ ૨૦૨૨-૨૩ રહેશે. ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકની અપડેટેડ શ્રેણી પણ મે ૨૦૨૬ માં બહાર પાડવામાં આવશે.

### વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષા

વિશ્લેષકો માને છે કે આગામી મહિનાઓમાં છૂટક ફુગાવો વધી શકે છે. તેઓ અપેક્ષા રાખે છે કે MPC આગામી થોડા મહિનામાં વ્યાજ દરમાં વધુ ૦.૨૫% ઘટાડો કરશે. જોકે, આ ઘટાડાના સમય અંગે તેઓ અનિશ્ચિત છે. તેઓ કહે છે કે CPI અને GDP ની નવી શ્રેણી અર્થતંત્રની સ્થિતિને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે.




| છેલ્લા એક વર્ષના ફુગાવાના દર ની યાદી |
|---|
| ડિસેમ્બર (૨૦૨૪) ૫.૨૨% |
| જાન્યુઆરી (૨૦૨૫) ૪.૨૬% |
| ફેબ્રુઆરી (૨૦૨૫) ૩.૬૧% |
| માર્ચ (૨૦૨૫) ૩.૩૪% |
| એપ્રિલ (૨૦૨૫) ૩.૧૬% |
| મે (૨૦૨૫) ૨.૮૨% |
| જૂન (૨૦૨૫) ૨.૧૦% |
| જુલાઈ (૨૦૨૫) ૧.૬૧% |
| ઓગસ્ટ (૨૦૨૫) ૨.૦૭% |
| સપ્ટેમ્બર (૨૦૨૫) ૧.૫૪% |
| ઓક્ટોબર (૨૦૨૫) ૦.૨૫% |
| નવેમ્બર (૨૦૨૫) ૦.૭૧% |
| ડિસેમ્બર (૨૦૨૫) ૧.૩૩% |

વિદેશ સચિન વિક્રમ મિસરીએ ગાંધીનગરમાં પત્રકારોને કહ્યું ઈરાનમાં રહેતા ભારતીયો હાલ સહી સલામત પરંતુ મુશ્કેલી ન પડે તે જરૂરી

# ઈરાનના અસરગ્રસ્ત વિસ્તારોથી દૂર રહેવા ભારતીયોને તાકીદ

રાજકોટ તા. ૧૨

ભારતે સોમવારે કહ્યું કે તે ઈરાનમાં ચાલી રહેલા ઘાતક વિરોધ પ્રદર્શનો પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ત્યાં રહેતા તેના નાગરિકોને અસરગ્રસ્ત વિસ્તારોથી બહાર ન નીકળવા અથવા દૂર રહેવાની સલાહ આપી છે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ ગાંધીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ત્યાં રહેતા ભારતીયો હાલમાં સ્વસ્થ છે અને તેમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો નથી. દરમિયાન, ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલ વિરુદ્ધ રેલીઓનું સરકારી આહ્વાન તણાવને વધુ વધારવાનો ભય રાખે છે. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝની ભારતની પ્રથમ મુલાકાત માટે એક ખાસ બ્રીફિંગમાં, વિદેશ સચિવ મિશ્રીએ કહ્યું, અમે ઈરાનમાં વિકાસ પર નજર રાખી રહ્યા છીએ... ઈરાનમાં મોટી સંખ્યામાં ભારતીય પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ છે.તેમણે ઉમેર્યું, પ્રતિબંધો હોવા છતાં, અમારા દૂતાવાસે વિદ્યાર્થી સમુદાયનો સંપર્ક કર્યો છે અને જાણવા મળ્યું છે કે તેઓ સારું કરી રહ્યા છે અને અત્યાર સુધી કોઈ સમસ્યાનો સામનો કરી રહ્યા નથી.

તેમણે એમ પણ ઉમેર્યું, અમે ત્યાં રહેતા અમારા તમામ નાગરિકોને સલાહ આપી છે કે તેઓ બહાર ન નીકળે અથવા કોઈપણ ખલેલ પહોંચાડે નહીં. હકીકતમાં, ઈરાનમાં ૨૮ ડિસેમ્બરે મુખ્યત્વે વધતી જતી ફુગાવાને કારણે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો લોહિયાળ બની ગયા છે. અમેરિકા સ્થિત હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ ન્યૂઝ એજન્સી અનુસાર, ૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૧૦,૦૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મૃતકોમાં મોટાભાગના વિરોધીઓ છે, પરંતુ આશરે ૫૦ સુરક્ષા કર્મચારીઓ પણ માર્યા ગયા છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ધમકી બાદ ઈરાનમાં તણાવ વધ્યો છે. તેમણે ફરીથી ચેતવણી આપી છે કે અમેરિકા વિરોધીઓના સમર્થનમાં હસ્તક્ષેપ કરી શકે છે. આ પછી, ઈરાને પણ બદલો લેવાની ધમકી આપી છે. ઈરાનનો આરોપ છે કે અમેરિકા અને ઈઝરાયલ તેના સંકટને વધારી રહ્યા છે. ઈરાની રાજ્ય મીડિયા અનુસાર, સોમવારે ''અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સંચાલિત આતંકવાદી કાર્યવાહીના વિરોધમાં'' રાષ્ટ્રવ્યાપી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

# PM મોદીનું નવું કાર્યસ્થાન 'સેવા તીર્થ'

## સંકુલ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના ભાગ રૂપે વિકસાવાયુ: મકરસંક્રાત બાદ સ્થળાંતર

નવીદિલ્હી, તા. ૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યાલયનું સરનામું ખૂબ જ ટૂંક સમયમાં બદલાવાનું છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વિજય ચોક નજીક રાયસીના હિલની તળેટીમાં બનેલા સેવા તીર્થ સંકુલનું બાંધકામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, અને અંતિમ તૈયારીઓ ચાલી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૪ જાન્યુઆરી પછી સાઉથ બ્લોકથી નવા સંકુલમાં સ્થળાંતર કરી શકે છે. સેવા તીર્થ સંકુલમાં ત્રણ આધુનિક, હાઇ-ટેક ઇમારતોનો સમાવેશ થાય છેઃ સેવા તીર્થ ૧, સેવા તીર્થ ૨ અને સેવા તીર્થ ૩. સેવા તીર્થ સંકુલ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના ભાગ રૂપે વિકસાવવામાં આવ્યું હતું. નવું સંસદ ભવન અને ઉપરાષ્ટ્રપતિનું એન્ક્લેવ પહેલાથી જ પૂર્ણ થઈ ગયું છે. વધુમાં, મંત્રાલયો માટે આઠ નવી ડ્યુટી ઇમારતો બનાવવામાં આવનાર છે, જેમાંથી ત્રણ પૂર્ણ થઈ ગઈ છે અને ઘણા મંત્રાલયો પહેલાથી જ સ્થાનાંતરિત થઈ ગયા છે.



નવા પીએમઓ સંકુલનું મૂળ નામ ''એક્ઝિક્યુટિવ એન્ક્લેવ'' રાખવામાં આવ્યું હતું. જોકે, ડિસેમ્બરમાં, સરકારી સૂત્રોએ ખુલાસો કર્યો કે તેનું નામ બદલીને ''સેવા તીર્થ સંકુલ'' રાખવામાં આવ્યું છે. લગભગ તે જ સમયે, દેશભરના રાજભવનો નામ લોકભવન રાખવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. સેવા તીર્થ સંકુલની બાજુમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાનનું બાંધકામ પણ ચાલી રહ્યું છે. પૂર્ણ થયા પછી, પ્રધાનમંત્રી નિવાસસ્થાનને ૭ લોક કલ્યાણ માર્ગથી સેવા તીર્થ સંકુલ તરફ ખસેડવામાં આવશે. સેવા તીર્થ સંકુલમાં ભારતીય સંસ્કૃતિ અને વારસાને પ્રતિબિંબિત કરતા મહાનુભાવો માટે અત્યાધુનિક મીટિંગ રૂમ છે. કેબિનેટ બેઠકો માટે ખાસ રૂમ બનાવવામાં આવ્યા છે. નવા પીએમઓમાં મોટાભાગના અધિકારીઓ માટે ખુલ્લા માળનું લેઆઉટ પણ હશે, જે સત્તાવાર ઈમારતોમાં વર્તમાન પ્રથા જેવું જ છે. નોંધનીય છે કે પ્રધાનમંત્રી કાર્યાલય સ્વતંત્રતાથી સાઉથ બ્લોકમાં સ્થિત છે. સાઉથ બ્લોકમાં વિદેશ અને સંરક્ષણ મંત્રાલયો પણ હતા, જ્યારે નોર્થ બ્લોકમાં ગૃહ અને નાણાં મંત્રાલયો હતા. હવે ઉત્તર અને દક્ષિણ બ્લોકની ઐતિહાસિક ઈમારતોમાં ''ભારતના યુગોનું સંગ્રહાલય'' સ્થાપિત કરવાની યોજના છે.

# રાજકોટ વાઈબ્રન્ટમાં ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ MOU

## રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની

રાજકોટ, તા. ૧૨

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ - કચ્છ અને સૌરાષ્ટ્ર'નું સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતિ કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી. મારવાડી યુનિ. ખાતે સમાપન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન આપતા રાજ્યના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે આજે ગુજરાત અને ભારત વિકાસની




હરણફાળ ભરી રહ્યા છે. મંત્રીએ ગૌરવ સાથે ઉમેર્યું હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડાપ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્વપૂર્ણ છે.

વાઈબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતાનો ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઇન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને એકમોને મળશે.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતમાં, તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારત વિશ્વગુરૂના સ્થાને બિરાજશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે.આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે. પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. દેશ અને રાજ્યમાં સેમી કન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિ અંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૭માં સેમી કન્ડક્ટર ક્ષેત્રનું હબ બનશે.આ તકે તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને ન્યૂ એજ ટેક્નોલોજી ક્ષેત્રમાં રોકાણ કરીને આગળ વધવા આહવાન કર્યું હતું.

### રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ માટે 'સિટી લોજિસ્ટિક્સ પ્લાન્સ' લોન્ચ

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ભાગરૂપે 'ગુજરાતમાં ઉન્નત લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા માટે રાજ્ય અને શહેર લોજિસ્ટિક્સ યોજનાઓનું સંકલન' વિષય પર સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના ઉદ્યોગ મંત્રી ડો. જયરામભાઈ ગામિત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એક સીમાચિહ્નરૂપ જાહેરાત કરતા ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત સ્ટેટ ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન' તેમજ રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ શહેરો માટે 'સિટી લોજિસ્ટિક્સ પ્લાન્સ' લોન્ચ કરવામાં આવ્યા હતા. આ સેમિનાર દરમિયાન લોજિસ્ટિક્સ ક્ષેત્રે સહયોગ સાધવા માટે મહત્વના ૦૩ જેટલા એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# વડાપ્રધાન-જર્મનીના ચાન્સેલરે 'દોસ્તી'નો ચગાવ્યો પતંગ

## ભારતની બે દિવસની મુલાકાતે આવેલા જર્મનીના ચાન્સેલરે અમદાવાદ પહોંચીને પોળોમાં મારી લટાર

રાજકોટ તા.૧૨

બે દિવસની સૌરાષ્ટ્ર મુલાકાત બાદ અમદાવાદ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતની મુલાકાતે આવેલા જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્જને આવકાર્યા બાદ બંને મહાનુભાવો સીધા ગાંધી આશ્રમ પહોંચ્યા હતા અને અહી તેઓએ હૃદયકુંજ સહિતના સ્થળોની મુલાકાત લીધી હતી.

બંને નેતાઓએ મહાત્મા ગાંધીને પુષ્પાંજલી કરી હતી તેમજ જર્મનીના રાષ્ટ્રપતિએ ચરખા કાંતન નિહાળ્યું હતુ. મુલાકાત અંગે અહીની વિઝીટર બુકમાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલી આપતી નોંધ પણ લખી હતી. આમ અમદાવાદ વધુ એક વૈશ્વિક મહાનુભાવનું યજમાન બન્યુ છે. મહાત્મા ગાંધી મંદિરની મુલાકાત બાદ મોદી અને ફ્રેડરીક સીધા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ માણવા પહોંચ્યા હતા.





અહી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યુ હતું. પતંગ મહોત્સવમાં મોદી અને ફ્રેડરીક ખુલ્લી જીપમાં ફર્યા હતા અને બંને મહાનુભાવોએ ભારત જર્મની ફ્રેન્ડશીપનો પતંગ પણ ચગાવ્યો હતો. મોદીએ હેરીટેજ પોળની મુલાકાત સમયે જર્મનીના ચાન્સેલરને પતંગનો ઈતિહાસ પણ સમજાવ્યો હતો. બાદમાં બંનેએ રીવરફ્રન્ટ ખાતે સાથે પતંગ ચગાવી હતી.વડાપ્રધાન મોદીએ ફીરકી પકડી હતી અને ચાન્સેલરે પતંગ ચગાવ્યો હતો. બાદમાં મોદીએ પણ પતંગ ચગાવીને વધુ એક વખત પતંગ મહોત્સવનો આનંદ વિદેશી મહાનુભાવ સાથે માણ્યો હતો.

વડાપ્રધાને અહી પહોંચેલા દેશ-વિદેશના પતંગબાજો સાથે પણ મુલાકાત કરી હતી. અમદાવાદ શહેરની કેટલીક હેરીટેજ જાહેર થયેલી પોળની પણ બંને રાષ્ટ્રવડાઓએ મુલાકાત લીધી હતી.

મોદીએ અમદાવાદની પોળોનો ઈતિહાસ અને મકાનોની બાંધણી વગેરે કેવી હોય છે તેની માહિતી જર્મનીના ચાન્સેલરને આપી હતી અને પોળોનો ઈતિહાસ જાણીને જર્મનીના ચાન્સેલર પણ અભિભૂત થઈ ગયા હતા. બાદમાં બંને નેતાઓ ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિર પહોંચ્યા હતા. ભારત અને જર્મનીની દ્વીપક્ષી શિખર બેઠક યોજાઈ હતી અને તેમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ સહિતના અનેક મહત્વપૂર્ણ કરાર થયા હતા.

# ફ્લેટ ખાલી કરવા બાબતે દંપતી પર હુમલો

### રૈયા હિલમાં બનાવઃ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકીઃ પાડોશી દંપતીએ ઘરમાં ઘૂસી છેડતી કરી સોનાનો ચેઈન તોડ્યો, વોટ્સએપ ગ્રુપમાં પણ આપી ધમકી

રાજકોટ, તા.૧૨

શહેરના રૈયા હિલ પાસે આવેલ શાંતિનગર ગેટ નજીકના આકૃતી ઓરા ફ્લેટમાં પાડોશીઓના ત્રાસની એક ઘટના સામે આવી છે. જેમાં ખઈઅ સુધીનો અભ્યાસ કરનાર અને શિક્ષિત પરિવાર પર ઉપરના માળે રહેતા દંપતીએ હુમલો કરી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા તપાસ હાથ ધરાઈ છે.



ફરિયાદની વિગત મુજબ, આકૃતી ઓરા ફ્લેટના ૮૦૨ નંબરમાં રહેતા પ્રતીક્ષાબેન વિજયભાઈ પરમાર ગત તારીખ ૧૮/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે પોતાના પતિ અને ૮ વર્ષના પુત્ર મેહાન સાથે ઘરે હાજર હતા. રાત્રે દસેક વાગ્યે અચાનક દરવાજો ખખડતા, તેમના પતિ વિજયભાઈએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતાની સાથે જ ઉપરના માળે ફ્લેટ નં. ૯૦૧માં રહેતા કૌશિકભાઈ તન્ના અને તેમના પત્ની સોનલબેન તન્ના ઉશ્કેરાયેલી હાલતમાં જોવા મળ્યા હતા. આરોપીઓએ 'તમારી દીકરીને કેમ હેરાન કરો છો' તેવો પાયાવિહોણો આક્ષેપ કરી ઝઘડો શરૂ કર્યો હતો. વિજયભાઈએ તેમને શાંત પાડવા પ્રયાસ કર્યો છતાં આરોપીઓએ દરવાજાને ધક્કો મારી ઘરમાં પ્રવેશ કરી મારપીટ શરૂ કરી દીધી હતી.

આરોપી કૌશિકભાઈએ વિજયભાઈને ગમે તેવી ગાળો આપી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કરતા પ્રતીક્ષાબેન વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન આરોપી દંપતીએ પ્રતીક્ષાબેન સાથે પણ અત્યંત અશોભનીય વર્તન અને ઝપાઝપી કરી હતી. આ ખેંચતાણમાં પ્રતીક્ષાબેનનું ટી-શર્ટ ફાટી ગયું હતું અને તેમના ગળામાં રહેલો સોનાનો ચેઈન પણ તૂટી ગયો હતો. હોબાળો મચતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેના કારણે આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

હુમલો કર્યા બાદ પણ આરોપીઓનો મિજાજ શાંત થયો ન હતો. આરોપી કૌશિકભાઈએ જતી વખતે ગંભીર ધમકી આપતા જણાવ્યું હતું કે, ''તમારી જ્ઞાતિના લોકોને અહીં રહેવાનો કોઈ અધિકાર નથી. આ ૩૧ તારીખ તારા માટે છેલ્લી છે, જો ત્યાં સુધીમાં ફ્લેટ ખાલી નહીં કરો તો પહેલી તારીખે તને જાનથી મારી નાખીશ.'' આ ઘટના બાદ તારીખ ૨૧/૧૨/૨૦૨૫ના રોજ આરોપીએ ફ્લેટના વોટ્સએપ ગ્રુપમાં પણ વિજયભાઈના સગાઓના નંબર માંગી, વારંવાર માર મારવાની ધમકી આપતા મેસેજ કર્યા હતા.

પોલીસમાં વિધિવત ફરિયાદ ભયના ઓથાર હેઠળ જીવતા આ પરિવારે આખરે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પ્રતીક્ષાબેને પોલીસ કમિશનર કચેરીમાં અરજી કર્યા બાદ હવે હેડ કોન્સ્ટેબલ જી.એસ. ઝાલા સમક્ષ પોતાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે કૌશિકભાઈ અને સોનલબેન તન્ના વિરુદ્ધ ગુનો નોંધી, વોટ્સએપના પુરાવાઓ એકત્ર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કચ્છ પ્રવાસનમાં નવું આકર્ષણ શરૂ, બોટમાં વધારો કરવા માંગ

# ક્રીકમાં સમુદ્રી સીમા દર્શન સાથે એડવેન્ચર રાઈડ

રાજકોટ, તા.૧૨

કચ્છને જોવા-માણવા દેશ-વિદેશથી બહોળી સંખ્યામાં આવતા પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન વચ્ચેની અત્યંત સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય જળસીમા અંગે જાણકારી મેળવે તેમજ સરહદ પર તૈનાત સીમા સુરક્ષા દળના જવાનોની કામગીરીથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી ભારતમાં પ્રથમ વખત શરૂ કરાયેલા સમુદ્રી સીમાદર્શન પ્રોજેક્ટનો અચોક્કસ મુદત સુધી બંધ રહ્યા બાદ ફરી પ્રારંભ થયો હતો.



માત્ર એક બોટ ઉપલબ્ધ હોવાથી ગત રવિવારે પાંચ ટ્રીપમાં ૨૬ જેટલા પ્રવાસીઓએ આ સેવાનો લાભ લીધો હોવાનું જાણવા મળ્યું હતું. સમુદ્ર રફ બનવાનું કારણ આગળ ધરીને સમુદ્રી સીમા દર્શન બંધ ન થવું જોઈએ અને બોટોમાં પણ વધારો કરવો જોઈએ તેવી પ્રવાસીઓની માંગણી ઉઠી છે.

હાલ લક્કીનાળામાં પ્રવાસીઓ માટે વેઈટીંગ રૂમ,બુકિંગ કાઉન્ટર સહિતની સુવિધા છે. પડાલા ટાપુ પર વનવિભાગ દ્વારા મેગ્રુવના જંગલ બનાવવામાં આવ્યા છે તેમજ ૬ તંબુ સહિતની વ્યવસ્થા ઉભી કરાઇ છે. પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલા આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ, નારાયણ સરોવરમાં પ્રવાસન વિભાગની હોટલ તોરણમાં સમુદ્રી સીમા દર્શન કરાવતી આ બોટનું બુકિંગ થાય છે, તે ઉપરાંત નારાયણ સરોવર ત્રણ રસ્તે લક્કી તરફ જતા માર્ગે રસ્તા પર બોર્ડ લગાવાયું છે, જેથી વાહન ચાલકો સહેલાઈથી લક્કીનાળા સુધી પહોંચી શકે.

આગામી સમયમાં અહીં ફ્લોટિંગ જેટી, વોચ ટાવર, મરીન ઈન્ટરપ્રીટેશન સેન્ટર, મેન્ગ્રોવ વોક, ફૂડ કિઓસ્ક, ઈન્ફોર્મેશન સેન્ટર, કન્વેશન સેન્ટર,પબ્લિક યુટિલિટી, બીએસએફ ઈન્ટરએક્શન ફેસિલીટી, ભુંગા રીસોર્ટ, એડવેન્ચર પાર્ક, નેચર ટ્રેઈલ્સ, મેન્ગ્રુવ વોક, ફૂડ કિઓસ્ક વગેરે જેવા આકર્ષણો ઉમેરવામાં આવશે.

પ્રોજેક્ટમાં ગુજરાતના પ્રવાસન વિભાગ સાથે બીએસએફ, ફોરેસ્ટ વિભાગ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ સહયોગી છે. થોડા સમય બાદ બોર્ડર રાઈડ સાથેસાથે પ્રવાસીઓને પ્રતિબંધિત દરિયાઈ ટાપુઓ પર લઈ જવામાં આવશે અને ત્યાં મેન્ગ્રુવ સફારી દ્વારા પ્રવાસીઓને યાદગાર અનુભવ કરાવવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. દરમ્યાન, સમુદ્રમાં સરહદી બોર્ડર નિહાળવાનો રોમાંચ પ્રવાસીઓ માણી શકે એ માટે રણોત્સવની કંપની દ્વારા પેકેજની સવલતો પણ આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### ઘટતી જતી વસ્તી અને એક બાળકની માનસિકતા સામે લાલબત્તી

# બીજું સંતાન જન્મશે તો દંપતીને અપાશે ૨૫ હજાર

### ગુજરાતના વિશ્વકર્મા સમાજ દ્વારા લેવાયેલા નિર્ણયની સાર્વત્રિક સરાહના : 'એક બાળકની માનસિકતા' સામે વ્યક્ત કરાઈ ચિંતા

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં સામાજિક પરિવર્તનનો પવન ફંકાયો હોય તેમ લાગે છે. વિવિધ સમાજો વિવિધ પ્રકારની જાહેરાત કરી રહ્યા છે. આ દરમિયાન રાજ્યમાં વધુ એક સમાજે બીજા બાળકના જન્મ પર રૂપિયા ૨૫ હજારની સહાય આપવાની જાહેરાત કરી હતી.



મળતી વિગત પ્રમાણે, રબારી સમાજ, પાટીદાર સમાજ, ચૌધરી સમાજ, ઠાકોર સમાજ બાદ હવે વિશ્વકર્મા સમાજ દ્વારા પણ અનોખી પહેલ કરવામાં આવી હતી.પાટણવાડા અને બાવીસી પંચાલ સમાજના આગેવાનોને મહાસંમેલનમાં 'એક બાળકની માનસિકતા' સામે ચિંતા વ્યક્ત કરીને બીજું સંતાન લાવનાર દંપતી માટે મોટી જાહેરાત કરી હતી.

વિશ્વકર્મા નિર્માણ ફાઉન્ડેશનના યોજાયેલા સંમેલનમાં પાટણવાડા અને બાવીસી પંચાલ સમાજના મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે સમાજમાં ઘટતી જતી વસ્તી અને 'એક બાળકની માનસિકતા' સામે લાલબત્તી કરીને મુદ્દો મૂકવામાં આવ્યો છે. તેમજ તેના ઉકેલ રૂપે એક મોટી જાહેરાત કરવામાં આવી હતી.

#### સમાજના આગેવાનોએ શું કહ્યું

વિશ્વકર્મા સમાજ દ્વારા જાહેરાત કરાઈ કે, સમાજમં બીજું સંતાન લાવનાર દંપતીને માતાના નામે ૨૫000 રૂપિયાનો ચેક આપવામાં આવશે . સમાજના આગેવાને જણાવ્યું કે, પ્રથમ બાળકની સુરક્ષા અને ભવિષ્ય માટે બીજું બાળક જરૂરી છે. સંતાનને ભાઈ કે બહેનનું સાથ-સહકાર મળે અને માતા-પિતાનું ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે વસ્તી સંતુલન જરૂરી છે. તેથી આ જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત મહાસંમેલનમાં સંયુક્ત પરિવારમાં રહેતી બહેનોનું વિશેષ સન્માન કરાયું હતું.

### ૧૭૮થી ૩૧૭ ટકા સુધી જંગી ફી વધારો ઝીંકતા ઉહાપોહ : વિદ્યાર્થીઓના આર્થિક હિતોને ધ્યાનમાં રાખી શિક્ષણનો અધિકાર સુરક્ષિત રાખો : ગુજરાત કોંગ્રેસ

# ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીએ ઝીંક્યો તોતિંગ ફી વધારો

રાજકોટ, તા.૧૨

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) માં અભ્યાસ કરતા ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે મોટા ફી વધારાની દરખાસ્ત સામે વિરોધ શરૂ થયો છે. યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા વિવિધ અભ્યાસક્રમોમાં ૧૭૮ ટકા સુધી અને દીકરીઓ માટે મસમોટો આશરે ૩૧૭ ટકા જેટલો ફી વધારો લાગુ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. યુનિવર્સિટીના નિર્ણયથી ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓમાં ચિંતા ફેલાઈ છે.

આ યુનિ.ની સ્થાપના ૧૯૯૪માં સામાન્ય જનતા સુધી ઉચ્ચ શિક્ષણ પહોંચાડવાના હેતુથી કરવામાં આવી હતી. આજે યુનિવર્સિટીમાં ૭૨થી વધુ અભ્યાસક્રમો અને રાજ્યભરમાં ૫૦૦ જેટલા સ્ટડી સેન્ટરો કાર્યરત છે. તેમ છતાં, બેચલર ઓફ આર્ટ્સ




જેવા અભ્યાસક્રમમાં ભાઈઓ માટે ૧૮૦૦ રૂપિયા અને બહેનો માટે ૧૨૦૦ રૂપિયા વાર્ષિક ફી રખાઈ છે. જેને સીધી ૫ હજાર રૂપિયા સુધી વધારવાની દરખાસ્ત કરવામાં આવી છે.

યુનિવર્સિટી દ્વારા કેટલાક અભ્યાસક્રમોમાં ૧૨૫ ટકા અને બી.એડમાં ૧૫૦ ટકા ફી વધારો સૂચવવામાં આવ્યો છે. બીજી તરફ, યુનિવર્સિટી સત્તાધીશો સુવિધા અને બ્યુટીફિકેશનના નામે લાખો રૂપિયાનો ખર્ચ કરી રહ્યા હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. ગુજરાત કોંગ્રેસનું કહેવું છે કે, અગાઉના શાસનમાં પ્રાથમિકથી પી.એચ.ડી. સુધી કન્યા કેળવણી મફત હતી. જ્યારે હાલના ફી વધારાથી દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. કોંગ્રેસે માગ કરી છે કે યુનિવર્સિટી ફી નક્કી કરતી વખતે વિદ્યાર્થીઓના આર્થિક હિતોને ધ્યાનમાં રાખી શિક્ષણનો અધિકાર સુરક્ષિત રાખવો જોઈએ તેવું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું છે.

**વિવિધ અભ્યાસક્રમોમાં ફી વધારાની દરખાસ્ત**

| | | |
|---|---|---|
| પ્રતિ વર્ષ ભાઈઓ - બહેનો - દરખાત | | |
| 1,800 | 1,200 | 5,000 |
| પ્રતિ સેમેસ્ટર | | |
| 1,000 | 750 | 2,500 |
| અભ્યાસક્રમ ફી | | |
| 20,000 | 20,000 | 45,000 |
| પ્રતિ સેનેટ | | |
| 2,450 | 1,950 | 5,000 |

# ભારતીય યોગ સંસદમાં પસંદગી પામતા ભાવનગરના યોગ ગુરુ ડો. આર.જે.જાડેજા

રાજકોટ, તા.૧૨

ભાવનગરના પ્રસિદ્ધ યોગગુરુ ડો. આર.જે.જાડેજાની ભારતીય યોગ સંસદમાં પસંદગી કરવામાં આવી છે. વિશ્વ યોગ સંસદની પસંદગી સમિતિ દ્વારા ભારતીય યોગ સંસદની રચના કરીને ભારતે વિશ્વને યોગની રાજધાની તેમજ યોગને રાષ્ટ્રીય યોગ નીતિનું અભિન્ન અંગ બનાવવાની દિશામાં ક્રાંતિકારી પગલાની પહેલ કરી છે. ભારતીય યોગ જગતની આ એક મહત્વપૂર્ણ બાબત છે. ત્યારે ભાવનગરે આ રચનાનું ગૌરવ લેવા જેવી બાબત છે કે ભાવનગરનું એક આદર્શ વ્યક્તિત્વ આ સમિતિનું અભિન્ન અંગ બની ગયું છે.



૧૧ રાજ્યોની જે યોગ સંસદોની જાહેરાત કરવામાં આવી છે તેમાં ભાવનગરમાંથી યોગના ભીષ્મ પિતામહ કહી શકાય એવા મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર, યુનિવર્સિટીનાં પૂર્વ ફિઝિકલ ડાયરેક્ટર, ઈન્ડિયન યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશનના પેટ્રન, યોગ રત્નથી સન્માનિત અને યોગને પોતાનું જીવન સમર્પિત કરનાર ડો. આર.જે. જાડેજાની પસંદગી થતા ભાવનગર સાથે સમગ્ર ગુજરાતનાં યોગ પ્રેમીઓમાં વિશેષ આનંદ છવાઈ ગયો છે.

આ સમિતિનું કાર્ય પહેલી ડિસેમ્બર- ૨૦૨૫ થી શરૂ પણ થઈ ચૂક્યું છે. વિશ્વ યોગ સંસદનાં કાર્યાલય સચિવ શ્રદ્ધા ગુદેચાની રાહબળી નીચે દેશની ૫૪૩ લોકસભા સીટોને યોગ ક્ષેત્ર જાહેર કરવામાં આવનાર છે. ૫૪૩ યોગ સાંસદ મળીને '' રાષ્ટ્રીય યોગ નીતિ '' તૈયાર કરશે, ત્યારે ભાવનગરના યોગ ગુરુ ડો. આર.જે. જાડેજાની વિચારધારાનો લાભ સમગ્ર દેશને પ્રાપ્ત થશે તેવું માનવામાં આવે છે. એટલુજ નહિ વિશ્વ કક્ષાએ ભારતીય યોગ પરંપરાની જાળવણી થશે. ડો. આર.જે જાડેજાને ભાવનગર યોગ પરિવાર દ્વારા અઢળક શુભેચ્છા આપવામાં આવી છે.

# ઉત્તરાયણ પૂર્વે સિવિલમાં મીની ઓપરેશન થિયેટર શરૂ

## આપત્કાલીન પરિસ્થિતિને પહોંચી વળવા ૨ ઈ.એન.ટી, ૨ સર્જન અને ૨ મેડીકલ ઓફિસર ઉપરાંત ૨ ઓર્થોપેડિક તબીબ ફરજ ઉપર તૈનાત



રાજકોટ, તા. ૧૨

ઉતરાયણના દિવસે કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે સિવિલ હોસ્પિટલે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે કારણકે દર વર્ષે અનેક દુર્ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે સંક્રાતના દિવસે ઈમર્જન્સી કેસમાં પણ વધારો નોંધાતો હોય છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ સિવિલ હોસ્પિટલ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે અને વધારાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં સિવિલ હોસ્પિટલ ખાતે વધારાનો સ્ટાફ અને બે ઓપરેશન થીયેટર તેમજ ૨ ઈ.એન.ટી તીબીબ ઉપરાંત ૨ સર્જન અને ૨ મેડીકલ ઓફિસર ઉપરાંત ૨ ઓર્થોપેડિક તબીબ ફરજ ઉપર તૈનાત રહેશે.

મકરસંક્રાતિના તહેવારમાં પતંગની દોરોથી ગળામાં ઈજા થવાના અને ધાબા ઉપરથી પડી જવાના કેસો વધુ નોંધાતા હોય છે. દર વર્ષે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૪ જાન્યુઆરીના દિવસે ૨૦ થી ૩૦ જેટલા કેસો નોંધાતા હોય છે. આવા કેસોમાં ઘણીવખત વધારો જોવા મળે છે એક સાથે વધુ કેસ આવતા હોય હોસ્પિટલમાં અફરાતફરી સર્જાય છે. જેને લઈને આ વખતે અત્યારથી જ ઉત્તરાયણમાં પતંગના દોરાથી, પડી જવાથી કે વીજ શોક લાગવાથી થતી ઈજાઓમાં તુરંત સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે જો કોઈ દુર્ઘટના ઘટે તો ઈમર્જન્સીમાં બે ઓપરેશન થીયેટર અને ઈમરજન્સી સારવાર માટે વધારનનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. તેમજ ઈમરજન્સી વિભાગમાં નાના-મોટા સ્ટીચીસ વગેરે લઈ શકાય તે માટેનું મીની ઓપરેશન અને મેડિકલ ઓફિસર સહિતની ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલનાં વધારાના તબીબ અને નર્સિંગ સ્ટાફને જવાબદારી સોપાઈ છે. ઉતરાયણ ઉપર સામાન્ય કરતા ઈમરજન્સીના કેસ વધુ આવે છે.

જેની સામે વધારાના બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં ૨ ઈ.એન.ટી તીબીબ ઉપરાંત ૨ સર્જન અને ૨ મેડીકલ ઓફિસર ઉપરાંત ૨ ઓર્થોપેડિક તબીબ ફરજ ઉપર તૈનાત રહેશે. ઉપરાંત તમામ જરૂરી દવાઓ અને ઈન્જેક્શનો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ પ્રકારની ઈજાઓમાં બધી સારવાર એક જ સ્થળે મળી જાય તે માટેનું આયોજન કરાયું છે. ઉત્તરાયણને પગલે સિવિલ હોસ્પિટલ તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે અને ઉતરાયણના દિવસે આવતા કેસોને પહોંચી વળવા ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ મહત્વની વાત તો એ છે કે હાલ કાર્ડિયોલોજી વિભાગની જે વિકટ સ્થિતિ જોવા મળી રહી છે તેમાં તેનું યોગ્ય નિરાકરણ થાય તે ખૂબ જરૂરી છે સારા તમામ બાબતો ને ધ્યાને લઈ સિવિલ હોસ્પિટલ ક્યારે નિર્ણય લેશે તે હવે જોવાનું રહ્યું.

# રાજકોટમાં શરદી ઉધરસ તાવના વાયરાઃ ૧૮૦૮ કેસ

## સૂસવાટા મારતી ઠંડી વચ્ચે સિઝનલ ફ્લૂના દર્દીઓમાં વધારો



રાજકોટ, તા. ૧૨

છેલ્લા પંદર દિવસથી પડી રહેલી કાતિલ ઠંડીનાં કારણે રાજકોટમાં શરદી તાવ ઉધરસ જેવી સિઝનલ ફ્લૂના કેસ વધી રહ્યાં છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલા રોગચાળાનાં આંકડા મુજબ શરદી તાવ અને ઉધરસના ૧૮૦૮ કેસ નોંધાયા છે .ગત તા.૫ થી તા.૧૧ જાન્યુઆરી દરમિયાન મેલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના એક પણ કેસ નોંધાયા નથી. પણ સિઝનલ ફ્લૂ જેવા શરદી - ઉધરસના ૧૦૮૩ ( કુલ ૨૨૧૪) સામાન્ય તાવના ૭૨૫ (કુલ ૧૫૧૮) ઝાડા - ઉલટીના ૨૪૨ (કુલ ૪૫૪) તેમજ કમળાના ૨ (કુલ ૪ કેસ) નોંધાયા છે. જ્યારે મરડા અને, કોલેરાના એક પણ કેસ નોંધાયા નથી.

પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે કુલ ૮૨૬ કલોરીન ટેસ્ટ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્યતંત્ર દ્વારા મચ્છર જન્ય ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા સાથે પાણીજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ માટે છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૧૭૩૪૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૦૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. આવી જ રીતે મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મચ્છર ઉત્પતિ સબબ ૧૬૮ રહેણાંકમાં અને ૨૯ કોર્મશીયલ આસામીને નોટીસ આપવામાં આવી છે.

# ભારત-ન્યુઝિલેન્ડ બીજા વન-ડે પૂર્વે જડબેસલાક પોલીસ બંદોબસ્ત

## ૭૦૦થી વધુ પોલીસ જવાનોને ૪૦૦થી વધુ હોમગાર્ડ જવાનો ખડેપગે : રોડ પર પાર્કિંગ થશે તો ગાડી થશે ડિટેઇન

રાજકોટ, તા. ૧૨

ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ વન-ડે મેચ સિરીઝ શરૂ થઈ ચૂકી છે જેમાં પ્રથમ બર્થ ડે વડોદરા ખાતે રમાયો હતો જ્યારે બીજો વન-ડે સંક્રાંતિ એટલે કે આવતીકાલે નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે જમાવા જઈ રહ્યો છે મકરસંક્રાંતિ હોવાના કારણે વન-ડે મેચ હોવાથી વધુ લોકો મેચ નિહાળવા આવે તેવું જણાય રહ્યું છે જે માટે હાલ ચાપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ૭૦૦થી વધુ પોલીસ જવાનોને ૪૦૦થી વધુ હોમગાર્ડ જવાનો ને બંદોબસ્તમાં જવાબદારી સોંપવામાં આવેલી છે.

ભારત-ન્યુઝીલેન્ડ મેચને લઈ એસપી વિજયસિંહ ગુર્જરએ સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જ આજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ મચેને લઇ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.



જેમાં ૭૦૦ થી વધુ પોલીસ જવાનો અને ૪૦૦ થી વધુ હોમગાર્ડ-ટીઆરબી જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

મેચ હોવાના કારણે જામનગર રોડ ઉપર કલાકો સુધી ટ્રાફિક જામ ની સમસ્યા સર્જાશે ત્યારે આ વખતે એ પ્રશ્નો ઊભો ન થાય તે માટે એક ખાસ નિયમ પાડવામાં આવશે જેમાં જે પણ મેચ નિહાળવા આવનારદર્શક રોડ ઉપર વાહન પાર્ક કરશે તો તેમના વાહનને ડીટેઇન કરવામાં આવશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ એ છે કે દર વર્ષે ટ્રાફિકની વિકરાળ સમસ્યા સર્જાતી હોય છે જે ન સર્જાય તે માટેના હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

મકરસંક્રાતિના દિવસે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વન-ડે મેચ હોય જેથી જાહેર રજાના કારણે ક્રિકેટ પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો છે, જેને લઇ સ્ટેડિયમ ફૂલ રહેવાની પૂરેપુરી શકયતા છે. મેચ જોવા માટે દેશભરમાંથી હજારોની સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ આવનાર છે. ત્યારે મેચ દરમિયાન કોઇ અનઇચ્છનિય ઘટના ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ઉપરાંત જણાવ્યું કે, મેચને લઇ સુરક્ષાની તમામ બાબતો અંગેની રૂપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. દર વખત મેચ દરમિયાન ટ્રાફિકજામની ભારે સમસ્યા સર્જાતી હોય જે ખાસ કરીને મેચ શરૂ થતા પૂર્વે અને મેચ પુરો થયા બાદ કલાકો સુધી વાહનચાલકોની કતારો જોવા મળે છે ત્યારે ટ્રાફિકજામની આ સમસ્યાના ઉકેલ માટે આ વખત પોલીસ દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ પોલીસ અધિક્ષક દ્વારા તમામ હોટલ સંચાલકોને તાકીદ કરવામાં આવી છે કે જો મેચ દરમિયાન હોટલ પાર્કિંગ સિવાય સહિત અન્ય જગ્યાઓ પર પાર્કિંગ થશે તો કાયદેસરની કાર્યવાહી થશે. મેચ દરમિયાન સ્ટેડિયમની અંદર અને બહાર પોલીસનો જડબેસલાક બંદોબસ્ત રહેશે. કોઇ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાશે તો પોલીસ દ્વારા તરત જ એકશન લેવામાં આવશે.

મેચ દરમિયાન ડ્રોનનો ઉપયોગ થઇ શકશે નહીં. આ ઉપરાંત મેચ જોવા આવનાર પ્રેક્ષકોનું એન્ટ્રી ગેઇટ પર સઘન ચેકીંગ કરવામાં આવશે જેથી કરીને જે વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવી કોઇ વસ્તુ મેદાન પર લઇને જવું નહીં અન્યથા કાર્યવાહી કરવામાં આવશે.

# સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી નિમિત્તે શ્રદ્ધા સુમન

રાજકોટ, તા. ૧૨

રામકૃષ્ણ પરમહંસના પરમ શિષ્ય અને રામકૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જન્મજયંતિ નિમિત્તે તા.૧૨ના રોજ તેઓની કોટેચા ચોક, કાલાવડ રોડ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, જીતુભાઈ કાટોડીયા, મગનભાઇ સોરઠીયા, ચેતનભાઈ સુરેજા, કંકુબેન ઉઘરેજા, પ્રીતિબેન દોશી, ડો.દર્શનાબેન પંડ્યા, દક્ષાબેન વસાણી, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયા, શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ કિશનભાઈ ટીલવા, વોર્ડના હોદેદારો અને અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# આરોગ્ય કેન્દ્રોમાં ડાયાલિસિસનો લાભ લેતા દર્દીઓ

## સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધીના ૪ માસમાં ૧૮૦ દર્દીઓએ નિઃશુલ્ક સેવાઓનો મેળવ્યો લાભ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ શહેરમાં વસતા કિડનીની બીમારીથી પીડાતા મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ-અલગ ૪ વિસ્તારમાં આવેલા આરોગ્ય કેન્દ્રો પર ડાયાલિસિસની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સપ્ટેમ્બર મહિનાથી શરૂ થયેલી આ સેવામાં ડિસેમ્બર એટલે કે છેલ્લા ૪ મહિનાના ટૂંકા ગાળામાં અંદાજે ૧૮૦ જેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો છે. અને અંદાજે રૂ. ૫૪,૦૦૦થી વધુની બચત કરી છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં જે ડાયાલિસિસ માટે દર્દીઓને મોટો આર્થિક બોજ સહન કરવો પડે છે, તે ગુણવત્તાયુક્ત સારવાર હવે પાલિકાના કેન્દ્રો પર નિઃશુલ્ક ઉપલબ્ધ કરવામાં આવી છે.

આરોગ્ય અધિકારી ડો જયેશ વાંકાણીએ વાતચીતમાં જણાવ્યું કે,મહાનગર પાલિકાના કુલ ૪ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર સપ્ટેમ્બર મહિનાથી ડાયાલિસિસ સુવિધા કાર્યરત કરવામાં આવી છે. જેમાં નારાયણનગર આરોગ્ય કેન્દ્ર, કોઠારિયા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શ્યામનગર આરોગ્ય કેન્દ્ર અને નાનામવા આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે. આ ચારેય કેન્દ્રો પર અમદાવાદની પ્રખ્યાત કિડની ઈન્સ્ટિટ્યૂટ (IKDRC) ના સહયોગથી ડાયાલિસિસ મશીન કાર્યરત કરવામાં આવ્યા છે. દરેક સેન્ટર પર ૨ મશીન મળીને





કુલ ૮ અત્યાધુનિક મશીનો દ્વારા દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં મહાનગરપાલિકાએ મશીનરી અને છ્ય પ્લાન્ટ જેવી આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડી છે, જ્યારે ટેકનિકલ અને મેડિકલ સ્ટાફનો સપોર્ટ IKDRC સંસ્થા દ્વારા આપવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલોમાં એક ડાયાલિસિસ કરાવવાનો ખર્ચ રૂ. ૨૫૦૦ થી રૂ. ૫૦૦૦ સુધીનો થતો હોય છે. જો તેમાં જરૂરી દવાઓ અને ઈન્જેક્શનનો ખર્ચ ઉમેરવામાં આવે તો આ આંકડો રૂ. ૭૦૦૦ થી રૂ. ૮૦૦૦ સુધી પહોંચી શકે છે. કિડનીના દર્દીઓને અઠવાડિયામાં ૨ થી ૩ વખત ડાયાલિસિસ કરાવવું પડતું હોય છે, જે મધ્યમ વર્ગના પરિવાર માટે આર્થિક રીતે કમરતોડ સાબિત થાય છે. રાજકોટ મહાપાલિકાના આ ચાર કેન્દ્રો પર ડાયાલિસિસની સાથે સાથે આવશ્યક દવાઓ પણ મફતમાં આપવામાં આવે છે, જે દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ૪ મહિનામાં ૧૮૦ દર્દીઓને આશરે રૂ. ૫૪,૦૦૦ થી વધુનો સીધો આર્થિક લાભ મળ્યો છે.

ડાયાલિસિસની પ્રક્રિયા સમય માંગી લે તેવી હોય છે. એક ડાયાલિસિસ સાયકલ પૂર્ણ કરવામાં ઓછામાં ઓછી ૪ થી ૫ કલાકનો સમય લાગે છે. આથી, દરેક મશીન પર બે શિફ્ટમાં દિવસ દરમિયાન કુલ ૨ દર્દીઓની સારવાર શક્ય બને છે. આરોગ્ય કેન્દ્રોનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૬ વાગ્યા સુધીનો રહે છે. ત્યારે લાભાર્થીઓએ ૯ થી ૬ ના સમય દરમિયાન એક દિવસ અગાઉ એડવાન્સમાં જાણ કરવાની રહે છે, ત્યારબાદ અપોઈન્ટમેન્ટ સિસ્ટમ દ્વારા તેમનો સમય નિર્ધારિત કરવામાં આવે છે.

ડાયાલિસિસ દરમિયાન દર્દીના લોહીનું શુદ્ધિકરણ થતું હોવાથી, ઈન્ફેક્શન ફેલાવાની શક્યતા વધુ હોય છે. આથી, જે દર્દીનો હિપેટાઈટીસ સી (Hepatitis C)નો રિપોર્ટ નેગેટિવ હોય તેવા જ દર્દીઓને અહીં પ્રવેશ આપવામાં આવે છે. બ્લડમાં કોઈપણ પ્રકારનું ઈન્ફેક્શન ન હોવું જોઈએ તે અનિવાર્ય છે. જે દર્દીઓ હાલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હોય અને જો તેમનો રિપોર્ટ નેગેટિવ હોય, તો તેઓ પણ આ સરકારી સેન્ટર પર શિફ્ટ થઈને મફત સેવાનો લાભ લઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ પણ મનપાની આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવી શકે છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે મોટાભાગના દર્દીઓ PM-JAY કાર્ડ અંતર્ગત ખાનગી હોસ્પિટલોમાં જતા હોય છે, પરંતુ પાલિકાના આ કેન્દ્રો પર પણ નિષ્ણાંત સંસ્થા દ્વારા જ સારવાર અપાય છે, તેથી વધુને વધુ લોકોએ આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવો જોઈએ.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# રોકાણ મોકાણ

## મોદીજીની ઉપસ્થિતિમાં પણ તંત્રની અરાજકતા



સૌરાષ્ટ્રમાં રોકાણ માટેનો આ શ્રેષ્ઠ સમય છે. રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટના ઉદ્દઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીજીએ દેશ-દુનિયાના મૂડી રોકાણકારો અને ઉદ્યોગકારો સમક્ષ સૌરાષ્ટ્રની વિશેષતાઓ રજુ કરીને સૌરાષ્ટ્રમાં મૂડી રોકાણ કરવા આગ્રહ કર્યો હતો.

મોદીજીનું સ્વપ્ન અને તેને સાકાર કરવા માટેની મહેનત અન્યને પ્રેરણા આપનારી છે. રાજકોટ - સૌરાષ્ટ્રના અંતિમ માળખામાં જબ્બર વધારો થયો છે. ઉદ્યોગ જગત માટે વાસ્તવમાં આ વિસ્તાર અનુકૂળ થઇ શકે તેમ છે.

ઉદ્યોગ જગતના વિકાસ માટે આંતર માળખું મહત્વનું છે જ . પરંતુ શહેરમાં વ્યવસ્થા તંત્ર બરાબર ન હોય તો આંતર માળખું કઈ કામ આવતું નથી. રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટ માટે છેલ્લા એકાદ મહિનાથી આયોજન અને તૈયારી ચાલતા હતા. ઝીણામાં ઝીણી માહિતી મેળવીને તેના આયોજનો થતા હતા. સમિટમાં અને તેની આસપાસ અવ્યવસ્થા ન સર્જાય તે માટે મહત્વના માર્ગો પરથી રેગ્યુલર ટ્રાફિક ડ્રાઈવર્ટ કરવામાં આવ્યો હતો. સમિટમાં આવનારને મુશ્કેલી ન પડે અને આ માર્ગો પર કોઈ અવરોધ ન રહે તે માટે ઊંડાણપૂર્વક રણનીતિ ઘડીને બહારથી પણ સ્ટાફ મંગાવી લીધો હતો.

આટલું ઝીણું કાત્યા બાદ પણ ખરા સમયે સ્થિતિ કેવી બની ? મોદીજી રાજકોટમાં- સમિટમાં હતા ત્યારે પણ આયોજન પ્રમાણે વ્યવસ્થા જાળવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હતું.

પ્રકાશિત અહેવાલો પ્રમાણે સમિટ સમયે બહાર મોરબી રોડ, જામનગર રોડને જોડતા માર્ગો પર લાંબા ટ્રાફિક જામ થયા હતા. દોઢેક કિમીના જામમાં સમિટમાં આવી રહેલા ઉદ્યોગકારો તથા અધિકારીઓ પણ ફસાયા હતા અને ટ્રાફિક તંત્રની અરાજકતા માણી હતી.

વડાપ્રધાનનો કાર્યક્રમ હોય, સૌરાષ્ટ્રના ભાવી માટે મહત્વનું આયોજન હોય, આ માટે તંત્રે એકાદ મહિનાથી તૈયારી કરી હોય, છતાં ખરા સમયે જ અવ્યવસ્થા સર્જાય એ ધર્શાવે છે કે તંત્ર સક્ષમ નથી અથવા બેજવાબદારીપૂર્વક વર્તી રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં રોકાણકારો રોકાણ કરે તે માટે મોદીજી પરસેવો વહાવે છે, પણ રાજકોટ-સૌરાષ્ટ્રની મોકાણ જૂદી છે. અહીંનું તંત્ર વડાપ્રધાનની હાજરીમાં પણ નિષ્ફળ જતું હોય તો વિચાર કરો, સામાન્ય દિવસોમાં ટ્રાફિકની સ્થિતિ કેવી હશે ? રોકાણકારો સર્વગ્રાહી દ્રષ્ટિકોણ બાદ મૂડી રોકવાનો નિર્ણય કરતા હોય છે.

રોકાણકારો માટે સૌરાષ્ટ્ર ટનાટન છે જ, પણ અમુક મોકાણો કાયમની છે તે દૂર કરવી જરૂરી છે.

# લોકો વિરુદ્ધ હિંસા કરતી ઈરાની સરકાર

## જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે વડાપ્રધાન મોદી સાથે કરી વાતચીત, ઉકેલ લાવવા માંગ

નવીદિલ્હી, તા. ૧૨

અમદાવાદમાં, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે ઈરાન અંગે એક મોટું નિવેદન આપ્યું. જર્મન ચાન્સેલરે પીએમ મોદી સાથે ઈરાન વિશે વાત કરીને આ વાતની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે ઈરાની સરકાર ઈરાનમાં લોકો સામે હિંસા કરી રહી છે અને ઈરાનમાં લોકોના અધિકારોનું કચડન થઈ રહ્યું છે. સોમવારે અમદાવાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ પ્રસંગે, પીએમ મોદીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે સહયોગ સમગ્ર માનવતા માટે જરૂરી છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ ભાગીદારી દ્વિપક્ષીય હિતોથી આગળ વધે છે અને વૈશ્વિક સ્થિરતા, ટકાઉપણું અને તકનીકી પ્રગતિમાં ફાળો આપે છે. પ્રધાનમંત્રીએ સંબંધોના ઊંડા ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાયા પર પણ ભાર મૂક્યો હતો અને બંને દેશો વચ્ચે બૌદ્ધિક સંબંધોને મજબૂત બનાવવામાં સ્વામી વિવેકાનંદની ભૂમિકાને યાદ કરી હતી.

જર્મન ચાન્સેલરની સ્વામી વિવેકાનંદની મુલાકાતને સાંકળતા, પીએમ મોદીએ કહ્યું કે આજે સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ છે અને તેમણે ભારત અને જર્મની વચ્ચે દાર્શનિક અને ન્યાય-આધારિત સંબંધની હિમાયત કરી હતી. ચાન્સેલર મેર્ઝનું ભારત અને તેમના ગૃહ રાજ્ય ગુજરાતમાં સ્વાગત કરતા, પીએમ મોદીએ દ્વિપક્ષીય સંબંધો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા બદલ જર્મન નેતાનો આભાર માન્યો. તેમણે કહ્યું, ''હું ચાન્સેલર મેર્ઝનો તેમના વ્યક્તિગત ધ્યાન અને સંબંધો પ્રત્યેની પ્રતિબદ્ધતા બદલ આભાર માનું છું.'' ગુજરાતની આતિથ્ય પરંપરાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, ''ગુજરાતમાં, અમે કહીએ છીએ કે મહેમાનોનું સ્વાગત પ્રેમ અને ઉષ્મા સાથે કરવામાં આવે છે. અમે ચાન્સેલર મેર્ઝનું સમાન ભાવનાથી સ્વાગત કરીએ છીએ.''

પીએમ મોદીએ નોંધ્યું કે બંને દેશો વચ્ચે આર્થિક જોડાણ સતત વધી રહ્યું છે, ભારતમાં લગભગ ૨,૦૦૦ જર્મન કંપનીઓ કાર્યરત છે.



તેમણે કહ્યું કે આ ભારતમાં રોકાણ સ્થળ તરીકે વધતા વિશ્વાસ અને ભારત-જર્મની આર્થિક ભાગીદારીની મજબૂતાઈને દર્શાવે છે. તેમણે કહ્યું, ''અમારી પાસે નવીનીકરણીય ઊર્જામાં અદ્યતન ટેક સહયોગ છે, અને અમે ભારત-જર્મની સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.'' પ્રધાનમંત્રીએ ગ્રીન હાઇડ્રોજનમાં સહયોગને પરિવર્તનકારી ગણાવતા કહ્યું, ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ્સ પર સહયોગ ગેમ ચેન્જર બનશે.પીએમ મોદીએ કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષામાં પરસ્પર સહયોગ અમારા વિશ્વાસનું પ્રતીક છે. સંરક્ષણ વેપારને આગળ વધારવા માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવશે. તેઓએ યુક્રેન અને ગાઝા સહિત અનેક આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરી. આતંકવાદ સમગ્ર માનવતા માટે ખતરો છે. જર્મન ચાન્સેલરે કહ્યું કે આ મારી માત્ર ભારતની જ નહીં પરંતુ દક્ષિણ એશિયાની પ્રથમ મુલાકાત છે. ભારત અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે સવારે, મેં મહાત્મા ગાંધીના જન્મસ્થળની મુલાકાત લીધી. ગાંધીજીએ કહ્યું હતું કે, ''દુનિયામાં તમે જે પરિવર્તન જોવા માંગો છો તે બનો.

# JNU આગળ વિચારવાની પ્રયોગશાળા

## ૯મા દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રહ્યા હાજર કહ્યું, JNUમાં ચર્ચા, સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ અને બૌદ્ધિક આદાન-પ્રદાનની જીવંત સંસ્કૃતિ છે

નવીદિલ્હી, તા. ૧૨

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ૯મા દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને અન્ય યુનિવર્સિટી અધિકારીઓને સંબોધિત કર્યા હતા. પ્રધાને પોતાના સંબોધનમાં JNU ની પ્રશંસા કરતા કહ્યું હતું કે તે તેના સમય કરતાં ઘણું આગળ વિચારવાની પ્રયોગશાળા રહી છે. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી સાથે ઉપપ્રમુખ સી.પી. રાધાકૃષ્ણન પણ હાજર હતા. JNU નું શૈક્ષણિક વાતાવરણ નેતૃત્વ વિકસાવવા માટે એક શક્તિશાળી કેન્દ્ર રહ્યું છે. JNU હવે માત્ર એક સંસ્થા નથી, પરંતુ એક સંસ્કૃતિ છે. પ્રધાને ઉંગઞ ના કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થી ઓ વિશે પણ વાત કરી, જેમાં ડી.પી. ત્રિપાઠી, કોમરેડ સીતારામ યેચુરી, કોમરેડ પ્રકાશ અને વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારમણનો ઉલ્લેખ કર્યો. તેમણે નોંધ્યું હતું કે તેમના સારા મિત્ર અને વર્તમાન સંસદ સભ્ય, ડો. જોન બિટ્રોસ જેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જાહેર જીવનમાં નોંધપાત્ર છાપ છોડી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને JNU ની પ્રશંસા કરતા કહ્યું હતું કે વિવેચનાત્મક વિચારસરણી ઉંગઞ ના હૃદયમાં છે. JNU માં ચર્ચા, સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ અને બૌદ્ધિક આદાન-પ્રદાનની જીવંત સંસ્કૃતિ છે. JNU એક બૌદ્ધિક કેન્દ્ર રહ્યું છે, જ્યાં



વિચારોનું પરીક્ષણ અને વિકાસ થાય છે, જે બદલામાં રાષ્ટ્રીય નીતિઓમાં ફાળો આપે છે.

શિક્ષણ મંત્રીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદ્યાર્થીઓને લખ્યું કે તમારામાંથી કેટલાક સંસદ અને વિધાનસભાઓમાં પહોંચીને લોકશાહીને મજબૂત બનાવી શકે છે, કેટલાક કર્તવ્ય ભવનમાં રાષ્ટ્રની સેવા કરવાની જવાબદારી નિભાવી શકે છે, કેટલાક વ્યૂહાત્મક નિષ્ણાતો અને રાજદૂત તરીકે ભારતની વૈશ્વિક ભૂમિકાને મજબૂત બનાવી શકે છે, કેટલાક નવીનતા અને ઉદ્યોગસાહસિકતા દ્વારા સ્ટાર્ટ-અપ્સ અને યુનિકોર્નનો પાયો નાખી શકે છે, અને કેટલાક લેખકો, પત્રકારો અને સમાજના વિચારશીલ નેતા બનીને રાષ્ટ્રના વૈચારિક પ્રવચનનું માર્ગદર્શન કરી શકે છે.

# સાંબા, રાજૌરી, પૂંછ અને LoC નજીક પાંચ ડ્રોન

## ડ્રોન દેખાતાની સાથે જ સેના એક્શનમાં : ગણતંત્ર દિવસ નજીક હોવાથી સેના એલર્ટ મોડ પર

રાજકોટ, તા. ૧૨

જમ્મુ અને કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંછમાં પાકિસ્તાન સરહદ અને નિયંત્રણ રેખા (LoC) નજીક લગભગ પાંચ ડ્રોન જોવા મળ્યા હતા. સરહદ નજીક ડ્રોન દેખાતાની સાથે જ સેના એક્શનમાં આવી ગઈ હતી. અચાનક ડ્રોન ગતિવિધિએ સુરક્ષા એજન્સીઓને સતર્ક કરી દીધી છે. ભારતીય સેનાએ ડ્રોનને તોડી પાડવા માટે ગોળીબાર કર્યો હતો. પ્રજાસત્તાક દિવસ નજીક આવતા જ આ ડ્રોન મોકલવામાં આવ્યા હતા, જેના કારણે સેનાને એલર્ટ પર રાખવામાં આવી છે. નૌશેરાના સ્થાનિકોએ તેમની ત્વરિત કાર્યવાહી બદલ સેનાનો આભાર માન્યો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, ''ગઈકાલે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, સરહદ પર ડ્રોનની ગતિવિધિ જોવા મળી હતી. અમારી ભારતીય સેનાએ જવાબ આપ્યો. ડ્રોન અહીંથી પસાર થયા. જંગઢ અને કલાલના વિસ્તારોમાં ભારે ગોળીબાર થયો હતો. અમારા સશસ્ત્ર દળો સંપૂર્ણ સતર્ક હતા. અમને અહીં શાંતિથી રહેવા દેવા બદલ અમે અમારી



સેનાનો આભાર માનીએ છીએ.'' જમ્મુ અને કાશ્મીરના નૌશેરા-રાજૌરી સેક્ટરમાં નિયંત્રણ રેખા પર કેટલાક પાકિસ્તાની સેનાના ડ્રોન જોવા મળ્યા હતા. ભારતીય સેનાના સૈનિકોએ માનવરહિત હવાઈ પ્રણાલીઓ તૈનાત કરી હતી, જેના કારણે તેમને પીછેહઠ કરવાની ફરજ પડી હતી.

છેલ્લા ઘણા દિવસોથી જમ્મુ અને કાશ્મીરના વિવિધ ભાગોમાં ડ્રોનની ગતિવિધિ સતત જોવા મળી રહી છે. ગઈકાલે, સેનાએ સાંબામાં ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલી સામગ્રી શોધી કાઢી હતી. રવિવારે સાંજે, પૂંછ, નૌશેરા, ધર્મશાલા, રામગઢ અને પારખ વિસ્તારોમાં ડ્રોન જોવા મળ્યા હતા. રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક એક પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું હતું. તરત જ, ભારતીય સેનાએ MMG અને LMG નો ઉપયોગ કરીને તેના પર ગોળીબાર કરીને જવાબ આપ્યો. ડ્રોનની પ્રવૃત્તિ ફક્ત આ વિસ્તાર પૂરતી મર્યાદિત નહોતી. સાંબા જિલ્લાના રામગઢ સેક્ટરમાં પણ ડ્રોન જેવી ઉડતી વસ્તુ જોવા મળી હતી. એક દિવસ પહેલા, આ જ વિસ્તારમાં ડ્રોન દ્વારા શસ્ત્રોનો માલ ફેંકવામાં આવ્યો હતો. શોધ દરમિયાન, BSF એ પિસ્તોલ, મેગેઝિન, ચાઇનીઝ ગ્રેનેડ અને અન્ય સામગ્રી મળી આવી હતી. જમ્મુ અને કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંચમાં પાકિસ્તાન સાથેની સરહદ પર ઘણા ડ્રોન જોવા મળ્યા હતા. ભારતીય સેનાએ પ્રજાસત્તાક દિવસ પહેલા ડ્રોન પ્રવૃત્તિમાં વધારો થવાનો ઝડપથી જવાબ આપ્યો, તેના પર ગોળીબાર કર્યો. સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ પર છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### શુદ્ધ મન અને આત્માની યુતિથી ઝળહળતા સૂર્ય જેવી દૈદિપ્યમાન શક્તિ ઉત્પન્ન થાય છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વેદાંનાં સામવેદોસ્મિ દેવાનાં વાસવઃ ઇન્દ્રિયાણાં મનશ્ચાચસ્મિ ભૂતાનામસ્મિ ચેતના. અર્થાત હું વેદોમાં સામવેદ છું, દેવોમાં ઈન્દ્ર છું, ઇન્દ્રિયોમાં મન છું, અને પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ છું. શ્રીમદ્ ભગવતના દસમા અધ્યાય નો આ ૧૨ મો શ્લોક છે. એમાં સ્પષ્ટપણે ભગવાન યોગ યોગેશ્વર એ કહ્યું છે, કે વેદોમાં સામવેદ અને દેવોમાં ઈન્દ્ર, પરંતુ આપણે એમાં જવું નથી કારણ કે વેદ સુધીની આપણી ઊંચાઈ નથી, અને દેવતાઓમાં ખાસ કંઈ રુચિ નથી.પણ ઇન્દ્રિયોમાં હું મન છું, તો આપણને પ્રશ્ન એ થાય કે મનની ચંચળાતાને નાથવી કે રોકવી શું કામ જરૂરી છે? શક્ય છે? કારણ કે એ તો સ્વયં ઈશ્વર છે. આ વિધાન ઘણું સુક્ષ્મ ચિંતન માંગી લે છે. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે મનને કારણે જ જીવનની સઘળી સમસ્યા છે, અને એકવાર ગીતામાં કહી દીધું કે ઈન્દ્રિયોમાં મન હું છું, તો પછી મનનો નિષેધ શું કામ? અથવા તો એને વશમાં કરવા દમન શુ કામ?; કારણ કે મન તો કોઈનું ચંચળ ન હોય એવું બને નહીં! અને ચંચળતા એ અભિશાપ પણ બને, અને આશીર્વાદ પણ બને, આ વાત મુખ્ય ચિંતનની છે. આપણે અગાઉ મનની ગતિ વિશે વાત કરી હતી, ત્યારે સ્પષ્ટપણે લખ્યું હતું કે સ્વ પ્રેરિત મન ભોગકારક દ્રવ્યની ઈચ્છા કરે, એ તેની સ્થૂળ ગતિ છે. એટલે કે એ રીતે મન જો ચંચળતાથી ગતિ કરે, એટલે કે ઈચ્છા કરે, અને પૂરી થાય નહીં, તો અભિશાપ પણ બની શકે, અને એવી જ રીતે કોઈની ઈચ્છા પૂરી થાય તો એના પ્રત્યે ઈર્ષાનો ભાવ પણ આવે, એટલે ઈચ્છા અને ઈર્ષા બંને એક કુળ ધરાવતી બહેનો છે. એકના આવવાથી બીજાના આવવાની શક્યતા છે, અને ઈર્ષાવાળું મન પરમાત્મા નથી, શુદ્ધ અને નિર્મળ મન જ પરમાત્મા એટલે કે અવિનાશી ઈશ્વરે ગણાવેલું પોતાનું સ્વરૂપ છે. માનસ મહાકાલ વાંચતી હતી, તો એમાં પૂજ્ય બાપુએ પણ સ્પષ્ટપણે લખ્યું હતું કે ઈચ્છા દ્વારા ઉત્પન્ન થતી ઈર્ષા, મનને ક્યારેય શાંત થવા દેતી નથી. જીવ જ્યારે જન્મે છે, ત્યારે અદ્રશ્ય ઈન્દ્રીય તરીકે જે મન રહેલું છે, એ મન પરમાત્મા છે, આપણું અત્યારનું મન તો આવા કેટલા વિકારોથી આપણે ભરી મૂક્યું છે, અને એટલે જ મન આગળ નિર્મળ અને શુદ્ધ એવા શબ્દ પ્રયોગો પણ થાય છે, કારણ કે એવું આપણે રહેવા દીધું નથી. બાકી એને જો નિર્મળ અને શુદ્ધ રહેવા દઈએ તો એ અવિનાશી ઈશ્વર જ છે. આત્મા સ્વરૂપે તો પરમાત્માનો અંશ બિરાજમાન જ છે, અને મનમાં પણ કોઈ વિકાર ન્હોય, તો મન અને આત્માની યુતિથી અલૌકિક શક્તિ ઉત્પન્ન થાય છે, જે ઝળહળતા સૂર્ય જેવી પ્રકાશમાન છે, અને અનેકો નાં જીવન દેદીપ્યમાન કરે છે. પરંતુ અગાઉ કહ્યું હતું તેમ, ''જો અને તો'' નું આ ત્રાજવું ભાગ્યે જ સમ થાય છે, અને એટલે નક્કી તો આપણે જ કરવું પડશે કે આપણું મન આપણી માટે તેમજ કોઈ માટે અભિશાપ બને તેવું હોવું જોઈએ? કે પછી આપણી અને કોઈની માટે આશીર્વાદ બને તેવું હોવું જોઈએ?

હવે આજ શ્લોકની અંતિમ વાત તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ તો એમાં ભગવાને કહ્યું છે કે પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ પોતે છે. પ્રાણ ઉર્જા એવો પણ આપણે ત્યાં એક શબ્દ પ્રયોગ થાય છે, જે શક્તિ આત્માની છે, પણ તે શરીર સાથે જોડાયેલી રહે છે, અને એને કારણે આપણે જીવિત છીએ. આપણે ત્યાં બીજો એક શબ્દ જીજીવીષા પણ છે, અને એને કારણે પણ દેહ ટકી રહે છે. જીવન શક્તિ અને જીજીવીષા બંનેમાં ચાહ છે, પણ એટલું જ અંતર છે કે એકમાં ઈશ્વર તત્વની ચાહ છે, અને બીજામાં શરીર રહે એવી ચાહ છે. આપણે આપણી જીવનશક્તિ એટલે કે પ્રાણ ઊર્જાને ઈશ્વર સાક્ષાત્કાર તરફ વાળી શક્યા નહીં, અને કદાચ પૂજા પાઠ ભક્તિ ભાવ વગેરે એની માટે કર્યું, પણ જીવની અદમ્ય ઈચ્છા રહી નહીં! અદમ્ય ઈચ્છા તો શરીર ટકી રહે, ભોગ સલામત રહે,અને મળતાં રહે, એ બધી જ રહી! અને એને કારણે આપણે જીજીવીષા થી ટકી ગયાં, એમ કહી શકાય. પણ ભગવાન યોગેશ્વરે આગળ કહ્યું છે તેમ પ્રાણી માત્રની જીજીવીષા છૂટે નહીં ત્યાં સુધી તેનું કાળ મૃત્યુ સંભવ નથી, અને એટલે જ આપણે જોઈએ છીએ, તેમ વૃદ્ધાવસ્થા તરફ ગતિ કરતા શરીરની એક પછી એક શરીર ને લગતી ચાહના ઘટતી જાય છે. ઈશ્વર તો અવસ્થા પ્રેરક આ વાત જીવને સમજાય એટલે ઇન્દ્રિયોની કાર્યશક્તિ ઘટાડે જ છે, પરંતુ તે છતાં દેહની ભોગ પ્રત્યેની લાલાયિતા ઘણીવાર એટલી બધી હોય કે, શરીર સાથ આપતું ન હોય, છતાં તેની રસિકતા ઘટે નહીં, અને એને કારણે તે બે પ્રકારે વ્યાધિ ભોગવે. એક તો શરીરનું કષ્ટ, અને બીજું તે ભોગ ભોગવી શકતા નથી, અને બીજા આરામથી ભોગવે છે, એનું દુઃખ પણ કષ્ટ આપે છે. એકવાર આમ કરી લઉં! એકવાર તેમ કરી લઉં! એમ મન પણ ચચળાવે છે, પણ ત્યારે મન જો યોગ્ય ઈચ્છા કરવા કેળવાયેલું હોય, અને સતત ભોગ પ્રેરક જીવન જીવ્યા ન હોય તો પ્રમાણમાં દેહને ઓછા કષ્ટ પડે છે.

મનની ચંચળતાને કારણે જેવી તેવી ઈચ્છાઓ થાય નહીં, આ ઇચ્છાઓ દ્વારા ઈર્ષાઓ પ્રવેશે નહીં, અને અભિશાપ બને નહીં, એ માટે આપણી સનાતન ધારામાં, જીવન સાથે કર્મ અને ધર્મને જોડવામાં આવ્યા છે. કર્મ અને ધર્મ એ મનની બે એવી આંખો છે, જેના દ્વારા આપણે આપણા મનને નિર્મળ અને શુદ્ધ રાખી શકીએ છીએ, જે બિલકુલ તરોતાજી ચેતનાના જન્મ સમયે હતું, એવું જ બાલિક, નિર્દોષ, અને નિખાલસ છે, જેમાં કોઈ પ્રત્યે ઈર્ષા નથી, કોઈની નિંદા નથી, કે કોઈની પ્રત્યે દ્વેષ નથી, અને એટલે જ આવું મન અંતઃકરણ ચતુષ્કોણ ના બાકીના બીજા ત્રણ ખૂણાઓને પણ સંતુલિત રાખે છે, બુદ્ધિ નીરામયી, અને શ્રદ્ધા તરફ દોરનારી હોય છે, અને એ ચિત્તનું ચિત્ર હંમેશા ચળકતું રહે છે, અહમ પણ ગર્વ કરી શકાય એવો હોય છે, અને એટલે અંતઃકરણ અરીસા જેવું ચોખ્ખું ચણાક દેખાય છે.

સામવેદ થકી ઈશ્વરને પામીએ, ભગવત ગીતા થકી જાણીએ, શ્રીમદ ભાગવત થકી જાણીએ, કે પછી રામાયણ કે મહાભારત થકી ઈશ્વર તત્વને જાણીએ, માર્ગ ગમે તે હોય, પણ એ માર્ગે આપણું મન વિચલિત ન થાય એવું હોવું જોઈએ! અને એટલે જ ભોગની લાલાયિતાથી અંજાઇને ગમે તેવી ઈચ્છાઓ કરવી નહીં, કે જેના થકી ઈર્ષા નામની આગ આપણા અંતઃકરણમાં પ્રવેશે, અને આપણું જીવન અશાંત કરી મૂકે. જો આપણે આપણા મનને શુદ્ધ અને નિર્મળ રાખી શકીશું તો ભગવાન યોગ યોગેશ્વર ને આપણા અંતઃકરણમાં આપણે અનુભવી શકીશું, જે આપણી આલોકિક શક્તિનું કેન્દ્ર બની કાયમ આપણી જીવનશક્તિનો સ્ત્રોત બની, સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરશે, આપણે સૌ આ રીતે અલોકિક શક્તિ ઉત્પન્ન કરી, જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

ઘરેથી નીકળી જતાં પરિવારજનો શોધી રહ્યા હતાં, બીજા દિવસે મૃતદેહ સ્વરૂપે મળ્યા

# બિમારીથી થાકી વૃધ્ધે ટ્રેનના પાટે જિંદગી ટૂંકાવી

## કાર સફાઇ કરતી વખતે દિલ દગો દઇ ગયું: ત્રીસ વર્ષના નેપાળી યુવાનનો જીવ ગયો: બેભાન થઇ જતાં આધેડ અને વૃધ્ધે લીધા અંતિમ શ્વાસ

રાજકોટ, તા.૧૨

અલગ અલગ કારણોસર આત્મહત્યાની ઘટના સતત બનતી રહે છે. દરમિયાન એક વૃધ્ધ બ્લડપ્રેશર અને ડાયાબીટીસથી કંટાળી જતાં ઘરેથી નીકળી ગયા બાદ ટ્રેન હેઠળ પડતું મુકી દુનિયા છોડી ગયા હતાં. બીજી ઘટનામાં એક ત્રીસ વર્ષના નેપાળી યુવાનનું કારની સફાઇ કરતી વખતે ઢળી પડતાં મોત થયું હતું. દિલની દગાખોરી તેના માટે જીવલેણ નીવડી હતી. તો અન્ય બે બનાવમાં એક આધેડ અને એક પ્રૌઢના બેભાન થઇ જવાથી મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર માલીયાસણ બ્રીજ નીચે ટ્રેન હેઠળ પડતું મુકી સામા કાંઠે રહેતાં વૃધ્ધે આપઘાત કરી લીધો છે. ગઇકાલે અજાણ્યા વૃધ્ધના મૃત્યુ અંગે બી-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન આજે તેમની ઓળખ થઇ હતી. બિમારીથી કંટાળીને પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું. લીયાસણ બ્રીજ નીચે એક વૃધ્ધ ટ્રેનની ઠોકરે આવી જતાં મોત થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન આજે આ વૃધ્ધની ઓળખ થઇ હતી. આ વૃધ્ધ પેડક રોડ ગુજરાત સોસાયટી-૩માં રહેતાં પાંસઠ વર્ષના અરવિંદભાઇ રવજીભાઇ રૈયાણી હોવાનું ખુલ્યું હતું. આ વૃધ્ધ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. અગાઉ ચાંદી કામ કરતાં હતાં અને હાલ નિવૃત જીવન જીવતા હતાં. સંતાનમાં બે દિકરા છે. બ્લડપ્રેશર, ડાયાબીટીસ સહિતની બિમારી લાગુ



પડી હોઇ રવિવારે સવારે ઘરેથી નીકળી જતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. દરમિયાન પરિવારજનોને આજે તેઓ મૃતદેહ સ્વરૂપે મળ્યા હતાં. બિમારીથી કંટાળી આ પગલુ ભર્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

બીજી ઘટના જોઇએ તો દોઢસો ફુટ રીંગ રોડ અયોધ્યા ચોક ગોકુલ મથુરા એપાર્ટમેન્ટ ખાતે રહેતો ખીમબહાદુર હક્કબહાદુર ખત્રી નામના ત્રીસ વર્ષનો નેપાળી યુવાન સવારે ઘર નજીક સૌભાગ્ય એપાર્ટમેન્ટ પાસે કારની સફાઇ કરતો કરતો ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.મૃત્યુ પામનાર ખીમબહાદુર બે બહેન અને ત્રણ ભાઇમાં નાનો હતો. તે ચોકીદારીનું કામ કરવાની સાથે કાર સફાઇનું કામ પણ કરતો હતો. બનાવને પગલે નેપાળી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી તરફ અન્ય બે બનાવમાં સંત કબીર રોડ ગોકુલનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં ત્રેપન વર્ષના શ્રવણભાઇ શંકરભાઇ શાહ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બિમારીથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું. તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. જ્યારે કુવાડવા રોડ રોહીદાસપરા-૨માં રહેતાં પિસ્તાલીસ વર્ષના દિનેશભાઇ મેપાભાઇ મકવાણા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. તે એક બહેન અને ત્રણ ભાઇમાં નાના અને અપરિણીત હતાં. એકલવાયુ જીવન જીવતાં હતાં. બિમારીથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું. બી-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુ અંગે કાર્યવાહી કરી હતી.

દુષ્કર્મ આચરીને બાળકીના ગુપ્તાંગમાં ઘુસાડી દીધો'તો લોખંડનો સળીયો ! સમગ્ર સૌરાષ્ટ્રમાં ફેલાઈ'તી અરેરાટી

# દુષ્કર્મનો આરોપી દોષિત જાહેર, ૧૧ દિવસમા જ ચાર્જશીટ

## ૩૪ દિવસમાં કોર્ટે દોષિત ઠેરવ્યો, ૧૫ મીએ સજાની સુનાવણી

રાજકોટ, તા.૧૨

સાત વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરીને, ગુપ્તાંગમાં લોખંડનો સળીયો ઘુસાડી દેવાની ઘટનાના આરોપીને કોર્ટે દોષિત ઠેરવીને હવે ૧૫ મીએ સજાની સુનાવણી મુકરર કરી છે. પોલીસે પણ આરોપીને તાત્કાલિક દબોચી લઈને તેમની સામે માત્ર ૧૧ દિવસમાં જ ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ કોર્ટે ૩૪ દિવસમાં જ દોષિત ઠેરવી ઘડારૂપ ચુકાદો આપ્યો છે. રાજકોટ જીલ્લાના આટકોટ પંથકની આ ઘટનાએ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચકચાર સાથે અરેરાટી ફેલાવી હોવાનું કહેવાય છે.



પ્રાપ્ત વિગતો ગત ૪થી ડિસેમ્બરે જસદણના આટકોટ પંથકમાં ૭ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારી નરાધમે બાળકીના ગુપ્તાંગમાં સળીયો ઘુસાડી દીધાની ઘટના બહાર આવતા બનાવના પ્રત્યેક જાણકારે અરેરાટી અનુભવી નરાધમને સખત સજા કરવા માંગ કરી હતી. બીજીબાજુ ઈજાગ્રસ્ત બાળકીને સમયસર સારવાર મળી જતા તેનો બચાવ થયો છે. દરમિયાન પોલીસે તંત્રે તમામ પાંખના ઘોડા દોડાવતા લગભગ ૧૧માં દિવસે પરપ્રાંતીય આરોપી રેમસિંગ તેરસીંગ ઝડપાઈ ગયો હતો. અને કહેવાય છે કે માસૂમા સાથે નિર્દયતા વાપરનાર રેમ્સિંગને ભાંભરડા નખાવી દીધા હતા. જો કે તે પહેલા રિકન્સ્ટ્રક્શન કરવા આરોપીને ઘટના સ્થળે તેમજ તેમના ઘરે લઇ જવાતા તે સમયે રેમસિંગે ધારિયા વડે પોલીસ પર હુમલો કર્યો હતો પણ વળતા જવાબમાં પોલીસે બે રાઉન્ડ ફાયરીંગ કરી તેને બંને પગે લંગડો કરી નાખ્યો હતો. બાદમાં તેમની વિધિવત ધરપકડ પોલીસે ૮મી ડિસેમ્બરે બતાવી હતી. અને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૫મી ડીસેમ્બર સુધી ૬-૭ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા બંને પગે ઘયાલ આરોપી રેમસિંગે સરભરા દરમિયાન ''મારી ભૂલ થઇ ગઈ અને હવે ક્યારેય ગુજરાતમાં નહિ આવું ''તેવી પોલીસ સમક્ષ કાકલુદી કરી હતી.

અત્રે એ નોંધનીય છે કે, બનાવની ગંભીરતા સમજીને પોલીસે તપાસનો દૌર તેજ બનાવતા દુષ્કર્મના સ્થળેથી લોખંડનો બાળકીના લોહીવાળો સળીયો મળી આવતા આરોપીની હાજરી ત્યાં સાબિત થઇ હતી,

પોલીસે બારીકાઇથી તપાસ કરી ઘટનાના ૧૧ દિવસમાં કોર્ટમાં આરોપી સામે ચાર્જશીટ ફાઈલ કરી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન આરોપી તરફથી બચાવમાં અનેક મુદ્દાઓ બતાવ્યા હતા પણ જવાબમાં સરકાર તરફથી પણ મજબૂત પુરાવા સાથે કોર્ટ અપીલ કરવામાં આવી હતી. આજે ૧૨ ડિસેમ્બરના રોજ ઘટનાના ૩૮માં અને ધરપકડના ૩૪ દિવસ બાદ કોર્ટે આરોપી રેમસીંગ તેરસીંગને દુષ્કર્મ કેસમાં દોષિત ઠેરવ્યો છે. અને સજા માટે ૧૫મી જાન્યુઆરી નક્કી કરતો કોર્ટે ચુકાદો આપ્યો હતો.

# લોહીની ઉલ્ટી થતાં આધેડ, બેભાન થઇ જતાં યુવાનનું મોત

## અન્ય બનાવમાં બાર વર્ષની બાળા અને વાડીમાંથી મળેલા અજાણ્યા યુવાનના પણ બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ, તા.૧૨

અપમૃત્યુની ઘટનાઅઓમાં વધુ ચાર લોકોના મૃત્યુ થયા છે. જેમાં લોહીની ઉલ્ટી થવાથી અને બેભાન થઇ જવાથી બે લોકોના મોત થયા છે. જ્યારે એક બાર વર્ષની બાળાનું બેભાન હાલતમાં મોત થયું હતું. તો વાડી વિસ્તારમાંથી બેભાન મળેલા એક યુવાને પણ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.



વિગતો પર નજર કરીએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે ભીમરાવનગર નાગબાઇ ચોકમાં રહેતાં છેતાલીસ વર્ષના ગબ્બરભાઇ હારીલાલ સક્શેના ઘરે હતાં ત્યારે એકાએક લોહીની ઉલ્ટીઓ કરવા માંડતાં અને બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર ગબ્બરભાઇ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે મુળ યુપીના વતની હતાં અને કારખાનામાં ભઠ્ઠીનું કામ કરતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઇએ તો હસનવાડી રોડ ગુલાબનગર-૫માં રહેતાં જીજ્ઞેશભાઇ રમેશભાઇ ધનાણી નામના યુવાન સાડા અગીયારેક વાગ્યે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. તે બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં દસ વર્ષની એક દિકરી છે. પોતે કડીયા કામની સાઇટ પર સુપરવાઇઝર તરીકે કામ કરતાં હતાં. ટીબી અને કીડનીમાં રસી થઇ જવાની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું.

જ્યારે ત્રીજા બનાવમાં રૂખડીયાપરા રેલ્વે ફાટક પાસે રહેતાં સિરાજભાઇ શાહમદારની દિકરી બાર વર્ષની શેરબાનુ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતું અહિ મૃત્યુ થયું હતું. શેરબાનુને ટીબીની બિમારી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્રધ્યુમનનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ચોથા બનાવમાં કુવાડવા તાબેના ભીચરી નજીક અમરગઢના વાડી વિસ્તારમાં દલસુખભાઇની વાડી પાસેથી અજાણ્યો આશરે ચાલીસથી પિસ્તાલીસ વર્ષનો પુરૂષ અર્ધબેભાન બેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. લક્ષ્મણભાઇ મહાજને જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ પુરૂષ સવાભાઇના નામથી ઓળખાતો હતો. બિમારીથી તેનું મૃત્યુ થયાનું ખુલ્યું હતું. મૃતકના વાલીવારસ હોય તો કુવાડવા રોડ પોલીસનો ૬૩૫૯૬ ૨૭૪૨૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું. આમ અપમૃત્યુના વધુ ચાર બનાવ સામે આવ્યા હતાં.

# ગોંડલથી ૬.૩૭ લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઈ

## ગોંડલી નદીના પૂલ પર SMCનો દરોડો: ૧૫ લાખના મુદામાલ સાથે બે પકડાયા, બે નામ ખુલ્યા

રાજકોટ, તા.૧૨

દારૂની હેરાફેરી સતત અટકાવવામાં આવી રહી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના સબ ઈન્સપેકટર જે.એચ. સીસોદીયાને મળેલી બાતમીને આધારે વોચ ગોઠવી મોવિયા અને પાંજરાપોળ વચ્ચેના ગોંડલી નદી ઉપરના પુલ ઉપરથી કાળા કલરની કારને આંતરી ૬.૩૭ લાખથી વધુનો ૧૦૭૭ બોટલ વિદેશી પ્રકારનો દારૂ ઝડપી લેવામાં આવ્યો હતો. એસએમસીની ટુકડીએ ચોટીલાના ખાટડી ગામના ભગીરથ ગભરૂભાઇ ખાચર અને ગોંડલના અવેશ સોયબભાઇ શેખની ધરપકડ કરી પુછપરછ હાથધરી છે.

વધુ માહિતી મુજબ પોલીસે તપાસ કરતાં ચોટીલાના ખાટડી ગામના દારૂના સપ્લાયર ખોડુ વલકુભાઇ ગોવડીયા તેના પાર્ટનર બોટાદના રાણપુરના મુન્ના અમકુભાઇ ખાચર, કાળા કલરની હુન્ડાઇ કારના માલીક અને દારૂ મંગાવનાર કોટડા સાંગાણીના હડમતાલાના દિગુભા ઉર્ફે દિવ્યરાજસિંહ જાડેજાના નામો સપાટી પર આવતા ચારેયની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ચાર મોબાઇલ અને દારૂ તેમજ કાર સહિત ૧૫,૦૪,૧૧૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.



# મહિલા પર દુષ્કર્મ આચરનાર નકલી અધિકારીને આજીવન કેદ

## ૨૦૨૦ના વર્ષમાં ઈસનપુર પોલીસમાં નોંધાઈ'તી ફરિયાદ : સીટી સેસન્સ કોર્ટનો ચૂકાદો

અમદાવાદ, તા.૧૧

વર્ષ ૨૦૨૦માં ઈસનપુર પોલીસ મથકે મૂળ સુરેન્દ્રનગરના પ્રકાશ દેસાણી સામે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય, અપહરણ, સરકારી અધિકારીની ખોટી ઓળખ જેવી કલમો અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ૩૨ સાહેદ અને ૩૩ પુરાવાને આધારે આરોપીને આજીવન કેદનીસજા અને આશરે ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અગાઉ આરોપી કોલકાતાથી ઝડપાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ એક વ્યક્તિ અને ભોગ બનનાર મહિલાને પ્રેમ સંબંધ હતો. ભોગ બનનાર મહિલા રીક્ષામાં લાંભા તરફ જઈ રહી હતી. ત્યારે તેની રીક્ષાને એક રિક્ષાએ રોકી હતી અને અંદર બેસેલા વ્યક્તિઓએ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી હતી. તેમજ ચોરીના કેસમાં મહિલા ઉપર આક્ષેપ હોવાનું જણાવ્યું હતું. તેથી ગાયકવાડ હવેલી પોલીસ મથકે જવા મહિલાને રિક્ષામાં બેસવા જણાવ્યું હતું.

આરોપીઓએ મહિલાનું અપહરણ કર્યું હતું અને તેના પ્રેમી સાથે તેના જ ફોન પરથી વાત કરાવીને ૩૦ હજાર રૂપિયા માંગ્યા હતા. બાદમાં પીડિતાનો ફોન બંધ કરી દીધો હતો. આથી મહિલાના પ્રેમીએ પોલીસને જાણ કરી હતી અને ૧૦ હજાર રૂપિયા આરોપીઓએ કહેલા ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. છેવટે ભોગ બનનાર ગમે તેમ કરીને પોતાના ઘરે આવી હતી. ત્યારે પોલીસે ફરિયાદ નોંધીને તેનું નિવેદન નોંધ્યું હતું.

પીડિતાના જણાવ્યાનુસાર,



આરોપીઓએ રિક્ષામાંથી તેને એક ગાડીમાં લઈ ગયા હતા. જ્યાં આરોપીઓએ રસ્તા વચ્ચેથી દારૂની બોટલ લીધી હતી. ત્યારે ધોળકા પાસે આરોપીઓ મહિલાને એક નિર્જન સ્થળે લઈ ગયા હતા. જ્યાં તેની ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય અને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આરોપીઓ જ્યારે નશામાં હતા. તેનો લાભ લઈને ભોગ બનનાર ભાગી છૂટી હતી.

ઓળખ પરેડમાં ભોગ બનનાર મહિલાએ આરોપીઓને ઓળખી બતાવ્યો હતો. પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. ભોગ બનનારે એવું પણ જણાવ્યું હતું કે આરોપીઓ તેને રીક્ષામાં એક પોલીસ સ્ટેશનથી દૂર ઊભી રાખીને એક વ્યક્તિ પોલીસ મથકમાં પણ ગયો હતો. વળી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરતા પહેલા આરોપીઓએ તેને દારૂનું સેવન કરવા જણાવ્યું હતું. જેનો તેને ઈન્કાર કરતા તેને જબરજસ્તી દારૂનું સેવન પણ કરાવ્યું હતું.

ત્યારબાદ આરોપીઓએ મહિલાને કપડાં ઉતારવા કહ્યું હતું. પરંતુ મહિલાએ ના પાડતા બળજબરીથી તેના પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું, તેમજ માર માર્યો હતો. આરોપીઓએ વધુ દારૂ પી લેતા તે નશામાં હતા, ત્યારે મહિલા ભાગી છુટી હતી. મહિલાને શરીરમાં દુ:ખાવો થતાં તે નજીકના આવેલા કેટલાક ઘરના લોકોનો સંપર્ક કર્યો હતો. જ્યાં બે મહિલાઓએ તેની મદદ કરી હતી. ત્યાંથી પોતાના ઘરે પહોંચી હતી અને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આરોપી વતી રજૂઆત કરવામાં આવી હતી કે તેને દલિત સમાજમાં લગ્ન કર્યા હોવાથી તેને નાત બહાર કરાયો હતો. તેના કાકાજી સસરા પોલીસ ઈન્સ્પેક્ટર હોવાથી તેને ફસાવવા માટે આ ખોટો કેસ ઊભો કરાયો છે. જો કે, અદાલતે આરોપીને આજીવન કેદની સજા અને ચારેક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

### વિદેશમાં સ્થાયી થવા ઇચ્છુક અનેક છેતરાયા છે અને હજુ છેતરાતા જ રહે છે

# UKમાં સેટ કરવા બહાને મિત્રને ૧૯ લાખનો ડામ

## બીજી ઘટનામાં વૃધ્ધાને પાંચસો ચોત્રીસ કરોડના કૌભાંડમાં તમે સામેલ છો કહી ડીજીટલ એરેસ્ટ કરી પચાસ તોલા દાગીના ગીરવે મુકી રૂપિયા મેળવવા દબાણ કરાયું: વિદેશ સ્થિત દિકરાની જાગૃકતાથી વૃધ્ધા બચી ગયા

રાજકોટ, તા. ૧૨

વિદેશમાં નોકરી સાથે રહેવાની પણ વ્યવસ્થા કરી આપવાના નામે વધુ એક ઠગાઇ થઇ ગઇ છે. યુકેમાં સ્થાયી થવા ઇચ્છુક યુવાનને તેના જ યુકે રહેતાં મિત્રએ પોતાના સાગ્રીતો સાથે મળીને છેતરી લઇ વીસ લાખ જેવી રોકડ પડાવી લીધી છે. આ પ્રકારની ઠગાઇ સતત થતી રહે છે. જેમાં વધુ એક ઘટના ઉમરાઇ ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં ન્યુ વીઆઇપી રોડ વિસ્તારમાં રહેતા એક યુવકને તેના મિત્ર તેમજ યુકેમાં રહેતા અન્ય સાગરીતોએ નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા૧૯.૬૪લાખ પડાવી લેતાં તેણે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી. ન્યુ વીઆઇપી રોડ પર અનન્યા હાઇટ્સ ખાતે રહેતા હાર્દિક નિકુંજભાઇ પરમારે પોલીસને કહ્યું છે કે,મારી નજીકમાં રહેતો મિત્ર યુકેમાં સ્થાયી થયો હોવાથી તેણે મને સારી નોકરી અપાવવાની વાતોમાં ફસાવ્યો હતો. મિતુલ શાહ અને તેના સાગરીતોએ રહેવા-જમવા સાથેની નોકરીની વાત કરી ઓફર લેટર મોકલતાં તેમને કુલ રૂપિયા૧૯.૬૪ લાખ ચૂકવ્યા હતા.જે રકમ માટે દાગીના પણ વેચવા પડયા હતા અને સંબંધીઓ પાસે ઉછીની રકમ પણ લેવી પડી હતી.

ત્યારબાદ યુકેમાં રહેતા આરોપીઓની વર્તણૂક બદલાઇ ગઇ હતી અને ધાકધમકી આપવા માંડી હતી.તેમનો લેટર પણ બોગસ જણાઇ આવ્યો હતો.જેથી આ અંગે હરણી પોલીસને જાણ કરતાં પોલીસે મિતુલ શાહ,ધ્રુવી પટેલ જે હાલ યુકે રહે છે તેના સામે અને તિર્થ કુમાર પટેલ અને સાજેદ ચૌધરી જે મિતુલના મિત્રો છે તેની સામે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

બીજી તરફ ડીજીટલ એરેસ્ટનો વધુ એક બનાવ બન્યો છે. જો કે તેમાં વૃધ્ધના વિદેશ રહેતાં પુત્રની સમય સુચકતાથી આ વૃધ્ધાનો બચાવ થયો હતો. સુરતમાં રહેતા ઓગણસિત્તેર વર્ષીય વૃદ્ધા તાજેતરમાં એક ભયાનક સાયબર ફ્રોડનો શિકાર બનતા રહી ગયા હતા. સાયબર




ઠગોએ તેમને ફોન કરીને જણાવ્યું કે જેટ એરવેઝના ૫૩૪ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કૌભાંડમાં તેમનું નામ આવ્યું છે. તપાસ એજન્સીના અધિકારી બનીને વાત કરતા ગઠિયાઓએ વૃદ્ધાને ડરાવ્યા હતા કે તેમના નામે ખોટા બેંક ખાતા ખોલાવવામાં આવ્યા છે. આ ડરના કારણે વૃદ્ધા સોમવારથી બુધવાર સુધી પોતાના જ ઘરમાં ડિજિટલ અરેસ્ટ રહ્યા હતા, જેમાં ઠગો તેમને સતત વીડિયો કોલ અને ફોન દ્વારા નજરકેદ રાખતા હતા. આ છેતરપિંડીમાં સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે ઠગોએ તેમની મિલકત અને સોનાની વિગતો કઢાવી લીધી હતી. જ્યારે વૃદ્ધાએ જણાવ્યું કે તેમની પાસે ૫૦ તોલા સોનું છે, ત્યારે ઠગોએ તેમને બેંકમાં જઈને આ સોનું ગીરો મૂકી તેના પર લોન લેવા અને તે પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું.

સાયબર ક્રાઇમ સેલના ડીસીપી બિશાખા જૈનના જણાવ્યા અનુસાર, સોનાના દાગીના ગીરો મુકાવી લોન લેવડાવવાનો આવો કિસ્સો પ્રથમ વખત સામે આવ્યો છે. સદનસીબે, બેંક મેનેજરે લોન આપવાનો ઇનકાર કરતા ઠગોનો આ પ્લાન નિષ્ફળ ગયો હતો. વૃદ્ધા જ્યારે આ માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમને ગુરુવારે અમેરિકા રહેતા તેમના પુત્રને ફોન કરીને આખી ઘટના જણાવી હતી. પુત્રએ તરત જ આ સાયબર ફ્રોડ હોવાનું ઓળખી લીધું અને તેની માતાને તાત્કાલિક સાયબર પોલીસનો સંપર્ક કરવા કહ્યું હતું.

પુત્રની સમયસૂચકતા અને માર્ગદર્શનને કારણે વૃદ્ધા મોટી આર્થિક નુકસાનીમાંથી બચી ગયા હતા. જો પુત્રએ સમયસર હસ્તક્ષેપ ન કર્યો હોત, તો ૫૦ તોલા સોનાની કિંમત જેટલી મોટી રકમ ઠગો પડાવી લેતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, સંગીતાબેન છ મહિના પહેલા જ અમેરિકામાં પુત્ર પાસે ગયા હતા અને ત્યાંની વિગતો સોશિયલ મીડિયા પર અપડેટ કરતા રહેતા હતા. સાયબર ગુનેગારોએ તેમની આ ઓનલાઇન એક્ટિવિટી અને વિદેશ પ્રવાસ પર નજર રાખીને જ તેમને ટાર્ગેટ કર્યા હતા.

ઠગોએ તેમને એવી રીતે ફસાવ્યા હતા કે તેમને લાગ્યું કે તેઓ ખરેખર કોઈ કાયદાકીય તપાસમાં ફસાયા છે. સોશિયલ મીડિયા પર અંગત વિગતો શેર કરવી કેટલી જોખમી બની શકે છે, તેનું આ જીવંત ઉદાહરણ છે. હાલમાં સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડીસીપી બિશાખા જૈને અપીલ કરી છે કે વડીલોએ ખાસ સાવચેત રહેવાની જરૂર છે અને કોઈપણ અજાણ્યા કોલ દ્વારા નાણાકીય વ્યવહાર કે પ્રોપર્ટીની વિગતો આપવી જોઈએ નહીં. સંગીતાબેને પણ પોતાની આપવીતી જણાવી અન્ય લોકોને આવા ફ્રોડથી સાવધ રહેવા અને મુશ્કેલીના સમયે પરિવારના સભ્યો કે પોલીસની મદદ લેવા જણાવ્યું હતું.

# માલીયાસણ પાસે કારમાં દારૂ ભરી નીકળેલો કેતનગીરી પકડાયો

### કુવાડવા રોડ પોલીસે બાતમી પરથી ૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



રાજકોટ, તા. ૧૨

દારૂની હેરાફેરી આ વખતે કુવાડવા રોડ પોલીસે અટકાવી છે. માલીયાસણ ગામ પાસે કુવાડવા રોડ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂા. ૨૭ હજારના વિદેશીદારૂના ચપલા ભરેલી કાર સાથે ચાલકને પકડી લીધો હતો. મળતી વિગત મુજબ માલીયાસણ ગામ પાસેથી વિદેશી દારૂ ભરેલી એક કાર પસાર થઇ હોવાની બાતમી મળતા કુવાડવા રોડ પોલીસના એ.એસ.આઇ. કે.વી. જાડેજા તથા કોન્સ. યશપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી માલીયાસણ ગામ નજીક ખેરડી ચોકડી પાસે પસાર થતી બ્રઝા કારને રોકી હતી.

આ કારની તલાસી લેતા તેમાંથી રૂા. ૨૭,૦૫૦ ની કિંમતના વિદેશી દારૂના ૨૩૨ ચપલા મળી આવતા ચાલક કેતનગીરી કાશીગીરી ગૌસ્વામી (ઉ.વ.૪૫) (રહે. મૂળ જામનગર રોડ ભોમેશ્વર પ્લોટ શેઠ નગરની પાછળ હાલ અમરેલીના ખોખરાગામ) ને પકડી લઇ દારૂનો જથ્થો તથા કાર મળી રૂા. ૪,૩૦,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે.

### મગફળી-ઘઉંની દલાલી કરતાં પ્રૌઢ ભણેલા ન હોઇ તેનો ગેરલાભ ઉઠાવી પેઢી ખોલવાનું કહી ફસાવ્યા

# નફાની લાલચે, વેપારીના નામે કરોડોનું ફ્રોડ

## ચાર જણાએ કુતિયાણાના મહેર પ્રૌઢના નામે કારસ્તાન આચર્યુ: જીએસટીની નોટીસ મળતાં ભોપાળુ ખુલ્યુ: ઉપલેટા પોલીસે FIR દાખલ કરી તપાસ શરૂ કરી

રાજકોટ, તા. ૧૨

પેઢીના સંચાલનના નામે પેઢી સંચાલક પ્રૌઢ સાથે કરોડોની ઠગાઇ થઇ છે. જીએસટી કૌભાંડ આચરી કોરા ચેકનો દુરૂપયોગ કરી આ કારસ્તાન આચરાયું હતું. પ્રૌઢ સંચાલકના નામે કરોડના વ્યવહાર કરી નાખવામાં આવ્યા હતાં. પુષ્કર ઇન્ડસ્ટ્રીઝના જયદીપ ગોહેલ અને સાગરીતોએ ખેડૂત વેપારીના સહીવાળા કોરા ચેક મેળવી આરટીજીએસ સ્લીપોમાં કરી બોગસ સહીઓ કરી ફ્રોડ આચર્યુ હતું. પેઢી સંચાલક પ્રોઢને જીએસટીની નોટિસો આવતા ભાંડો ફુટતાં આ મામલે ઉપલેટા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

વિગતો પર નરજ કરીએ તો કુતીયાણાના તલાવળી વિસ્તારમાં રહેતા એકવાન વર્ષીય મેરૂભાઇ માલદેભાઇ ભુતીયા નામના વેપારીને વિશ્વાસમાં લઈ, તેમની જાણ બહાર કરોડો રૂપિયાના બેંકિંગ વ્યવહારો કરી આર્થિક જાળમાં ફસાવી દેવાનું વ્યવસ્થિત કાવતરું સામે આવ્યું છે. આરોપીઓએ ફરિયાદીની ઓછી શૈક્ષણિક લાયકાતનો ગેરલાભ ઉઠાવી, તેમના નામે પેઢી શરૂ કરાવી અને બેંક ખાતામાં પોતાના મોબાઈલ નંબર રજીસ્ટર કરાવીને સમગ્ર વહીવટ પોતાના હસ્તક રાખ્યો હતો. આ મામલે મેરૂભાઇએ




### ઉપલેટામાં મહારાષ્ટ્રની જેમ બોગસ બિલિંગનું મસમોટું કૌભાડ

ઉપલેટાના જયદીપ વેલજીભાઇ ગોહેલ, નિપુલ વેલજીભાઇ ગોહેલ અને મેતાજી નિખીલ વેકરીયા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. મેરૂભાઇ વર્ષ ૨૦૧૮-૧૯થી છૂટક ખેતીપાકની દલાલી કરતા હતા ત્યારે તેમનો સંપર્ક પુષ્કર ઇન્ડસ્ટ્રીઝના જયદીપ ગોહેલ સાથે થયો હતો.

ત્યારબાદ જયદીપે મેરૂભાઇને લાલચ આપી હતી કે જો તેઓ પોતાની પેઢી ખોલે તો વેપારમાં મોટો ફાયદો થશે. મેરૂભાઇ ભણેલા ન હોવાથી તેમણે હિસાબ-કિતાબ બાબતે અસમર્થતા દર્શાવી હતી, પરંતુ જયદીપે ખાતરી આપી હતી કે જીએસટી અને સરકારી પ્રોસીજર તેનો મેતાજી નિખીલ વેકરીયા સંભાળી લેશે. આ વિશ્વાસના આધારે જય વચ્છરાજ ટ્રેડિંગ પેઢી અસ્તિત્વમાં આવી હતી. આરોપીઓએ કપટપૂર્વક બેંક ખાતામાં મેરૂભાઇના બદલે જયદીપના મોબાઈલ નંબર અને જી-મેઈલ આઈડી રજીસ્ટર કરાવ્યા હતા અને ધંધાના બહાને મેરૂભાઇ પાસેથી કોરા ચેકબુકમાં સહીઓ કરાવી તમામ સત્તા પોતાના હાથમાં લઈ લીધી હતી.

મેરૂભાઇ કુતીયાણા વિસ્તારમાં મગફળી અને ઘઉંની દલાલી કરતા હતા ત્યારે તેમનો પરિચય જયદીપ વેલજીભાઇ ગોહેલ સાથે થયો હતો. જયદીપે મેરૂભાઇને વધુ નફાની લાલચ આપી જણાવ્યું હતું કે જો તમે પોતાની પેઢી ખોલો તો મોટો ફાયદો થશે. મેરૂભાઇએ પોતે માત્ર ધોરણ-૯ સુધી ભણેલા હોવાનું અને જીએસટી કે હિસાબની સમજ ન હોવાનું જણાવતા, જયદીપે ખાતરી આપી હતી કે તે પોતે જ તમામ સરકારી પ્રોસીજર કરી આપશે અને એજન્ટ તરીકે પેઢી ચલાવશે. તેમ કહી જાળમાં ફસાવ્યા હતાં અને કાવત્રાની શરૂઆત થઇ હતી.

આ ઉપરાંત આરોપીઓએ મેરૂભાઇના એચ.ડી.એફ.સી. બેંકના ખાતાનો દુરૂપયોગ કરી અનેક ચોંકાવનારા વ્યવહારો કર્યા હતા. જેમાં ચેક નંબર ૧ થી ૪ દ્વારા કુલ ૧૬ લાખ રૂપિયા નિપુલ ગોહેલે બેંકમાંથી રોકડા ઉપાડી લીધા હતા, જ્યારે ચેક નંબર ૫ અને ૧૪ દ્વારા જયદીપ ગોહેલે પોતે ૯.૫૫ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ ઉપરાંત, ચેક નંબર ૬ થી ૨૩ સુધીના અનેક વ્યવહારોમાં વાઘેલા એન્ટરપ્રાઇઝ, હીર એન્ટરપ્રાઇઝને પ્રિયા બ્લુ એન્ટરપ્રાઇઝ જેવી બોગસ પેઢીઓમાં કરોડો રૂપિયાનું આરટીજીએસ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. આ તમામ આરટીજીએસ સ્લીપોમાં મેરૂભાઇની જાણ બહાર તેમની ખોટી સહીઓ કરવામાં આવી હતી અને બેંક કન્ફર્મેશન પણ આરોપીઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર જ મેળવી લેવામાં આવતું હતું.

આ દરમિયાન જીએસટી વિભાગની નોટિસ બાદ જ્યારે મેરૂભાઇએ મધ્યસ્થીઓની હાજરીમાં હિસાબ કર્યો ત્યારે મોટો ધડાકો થયો હતો. મેરૂભાઇએ જયદીપના કહેવાથી મહેશભાઇ કુંભારને ૭ લાખ, અશોકભાઇને ૪.૩૨ લાખ, સતીષભાઇ થાપલીયાને ૫.૬૨ લાખ, લતીફભાઇને ૩.૪૫ લાખ, નિકુલ ગોહેલને ૪.૫૦ લાખ, ભોજીભાઇ રબારીને ૭.૫૦ લાખ, નાથાભાઇ આહીરને ૪.૨૮ લાખ અને રીણાભાઇ ઓડેદરાને ૩.૪૪ લાખ મળી કુલ ૪૦.૧૧ લાખ રૂપિયા ખેડૂતો અને વેપારીઓને ચૂકવ્યા હતા. આમ છતાં, જયદીપ ગોહેલે મેરૂભાઇ પાસે રહેલા સહીવાળા કોરા ચેકનો દુરૂપયોગ કરી ૩૫.૮૦ લાખ રૂપિયાનો ચેક રિટર્ન કરાવી ઉપલેટા કોર્ટમાં ખોટી ફરિયાદ કરી દબાણ ભું કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર પ્રકરણમાં આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરૂં રચી, ખોટા દસ્તાવેજો બનાવી અને બેંકિંગ સિસ્ટમનો દુરુપયોગ કરી મેરૂભાઇ સાથે વિશ્વાસઘાત કર્યો છે. બોગસ પેઢીઓ સાથે ખરીદ-વેચાણ દર્શાવી જીએસટીની જવાબદારી ફરિયાદીના માથે નાખી દેવામાં આવી હતી. હાલ ઉપલેટા પોલીસે મેરૂભાઇની ફરિયાદના આધાર આ કેસમાં મુખ્ય આરોપી તરીકે પુષ્કર ઇન્ડસ્ટ્રીઝના જયદીપ વેલજીભાઇ ગોહેલ, તેનો ભાઈ નિકુલ ઉર્ફે નિપુલ ગોહેલ અને મેતાજી નિખીલ વેકરીયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### ગઠીયાઓ લોકોને છેતરવા માટે કેવા કેવા ગતકડા વહેતા મુકે છે તે જાણો નવા બે કિસ્સામાં

# સોશિયલ મિડીયામાં એડ મુકી વેપારી-વૃધ્ધા સાથે ફ્રોડ

## ફર્નિચરના વેપારીને જુના સિક્કા, ચલણી નોટો સામે મોટી રકમની આર્મીમેનના નામે લાલચ આપી ઠગાઇ: બીજી તરફ ફેસબૂકમાં સસ્તા દરની લોન લેવા જતાં વૃધ્ધાને લાગ્યો પોણા તેત્રીસ લાખનો ચૂનો

રાજકોટ, તા. ૧૨

ગઠીયાઓ લોકોને છેતરવા માટે અલગ અલગ તરકીબોનો ઉપયોગ કરતાં હોય છે. વધુ એક વખત ઓનલાઇન વિડીયો મુકી જુની ચલણી નોટો અને સિક્કાના બદલામાં વધુ પૈસાની લાલચ આપી ફર્નિચરના વેપારી સાથે ગઠીયાગીરી કરવામાં આવી છે. રકમ નાની ગઇ છે પણ આ ઘટના એવા બધા લોકો માટે લાલબત્તી સમાન છે જેઓ સોશિયલ મિડીયા પર આવતી લલચામણી જાહેરાતો જોઇને આંધળુકીયા કરી લેતાં હોય છે અને પછી છેતરાઇ જતાં હોય છે. આ કિસ્સામાં ગઠીયાએ ફ્રોડ આચરવા માટે આર્મીમેનની ખોટી આળખ આપી હતી! અન્ય એક બનાવમાં પણ સોશિયલ મિડીયા પર સસ્તા દરે લોનની એડ મુકી વૃધ્ધાના લાખો પડાવી લેવાયા છે.

વિગતો પર નજર કરીએ તો આણંદના બોરસદની એક સોસાયટીમાં રહેતા મુળ રાજસ્થાનના ફર્નિચરના વેપારીને અજાણ્યા ગઠિયા આર્મીમેનની ખોટી ઓળખ આપી જૂની ચલણી નોટો તથા સિક્કાના બદલામાં વધુ પૈસા આપવાની લાલચ આપી વ્યાપારી પાસેથી રૂપિયા એકસઠ હજાર ઉપરાંતની ઓનલાઈન ઠગાઈ કરી હોવા અંગે બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે અજાણ્યા ગઠિયા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુ માહિતી અનુસાર મુળ રાજસ્થાનના હરિરામ ગંગારામ પ્રજાપતિ બોરસદની ગણેશ નગર સોસાયટી ખાતે રહે છે. તેણે પોતાના મોબાઈલમાં એક રીલ જોઈ હતી. જેમાં આર્મીનો ડ્રેસ પહેરેલા વ્યક્તિનો એક વીડિયો જોયો હતો.

આ વીડિયોમાં હિન્દી ભાષામાં જૂની ચલણી નોટો અને સિક્કાના બદલામાં વધુ પૈસા મળશે તેમ જણાવતા હરિરામે સ્ક્રીન ઉપર આપેલા નંબર ઉપર સંપર્ક કર્યો હતો. જેમાં એક શખ્સ સાથે વાતચીત થતા હરીરામે બે રૂપિયાનો જૂનો સિક્કો હોવાનું જણાવી તેના કેટલા રૂપિયા મળશે તેવું પૂછતા સામેથી બોલી રહેલા શખ્સે આઠ લાખ રૂપિયા મળશે તેમ કહી તેની માટે ફોર્મ ભરવું પડશે અને ફોર્મ ફી પેટે નાણાં ભરવાનું કહી રૂપિયા ૧,૫૫૦ ઓનલાઇન ભરાવ્યા હતા.




ત્યારબાદ ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરવા સહિત જુદા જુદા બહાને અજાણ્યા ગઠિયાએ હરિરામ પાસે કુલ રૂપિયા એકસઠ હજાર પાંચસો અડતાલીસ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં હરી રામે સાયબર ક્રાઇમની હેલ્પલાઇનમાં ઓનલાઇન ફરિયાદ કરી હતી અને બાદમાં ગતરોજ બોરસદ શહેર પોલીસ મથકે પોતાની ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ગઠિયા વિરૂધ્ધ મોબાઈલ નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. આ અગાઉ પણ રાજકોટ સહિતના શહેરોમાં ફેસબૂકમાં સસ્તામાં આઇફોન સહિતની જાહેરાતો મુકી લોકોને આર્મીમેનના નામે છેતરવામાં આવ્યા હતાં. આવા કિસ્સા ઠેકઠેકાણે બનતા રહે છે. જેમાં આ વખતે પણ આર્મીમેનના નામે ઠગાઇ થઇ ગઇ છે.

બીજી એક ઠગાઇની ઘટનામાં એકાઉન્ટન્ટ મહિલાએ દસ લાખની લોન લેવાના ચક્કરમાં ૩૨.૭૫ લાખ ગુમાવ્યા છે. મહિલાએ ફેસબુક પર સસ્તા દરે લોનની જાહેરાત જોઈ સંપર્ક કરતા ઠગે ચાર ટકા વ્યાજે દસ લાખની લોન આપવાનું કહી જુદા-જુદા ચાર્જ પેટે મહિલા પાસેથી પૈસા પડાવ્યા હતા. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પાલડીમા રહેતા અને ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટની ફરજ બજાવતાં ત્રેસઠ વર્ષીય વર્ષીય મહિલાએ ફેસબુક પર સસ્તા દરે લોનની જાહેરાત જોઈ દર્શાવેલ નંબર પર મેસેજ કરતા ઠગે રિલાયન્સ કેપિટલ ફાઇનાન્સના લોન ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું કહી મહિલાના ડોક્યુમેન્ટ મેળવી લોનના ખોટા દસ્તાવેજ મોકલી આપ્યા હતા.

જે બાદ ૩૨.૭૫ લાખ પડાવી લીધા હતા. ભરેલા પૈસા પરત ના આવતા મહિલાએ ફરિયાદ નોંધાવી છે. મહિલાએ જાહેરાત જોઈ લોન માટે સંપર્ક કર્યો હતો. જે બાદ ઠગે મહિલાને વિશ્વાસમાં લઈ લોનના નકલી ડોક્યુમેટના ફોટા મોકલી સતત ચોપન દિવસ સુધી મહિલા પાસેથી ચાર્જ પેટે પૈસા પડાવ્યા હતા. ચોપન દવસ પછી મહિલાને ઓનલાઈન ફ્રોડ થયાની જાણ થઈ હતી. આમ સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી બે કિસ્સામાં લોકોને છેતરી લેવાયા હતાં.

### ઓનલાઇન ફ્રોડ કરનારા બહુ ઓછા પકડાય છે પણ અહિ મળી સફળતા

# APK ફાઈલ મોકલી ગઠીયાગીરી કરતી ટોળકી ઝબ્બે

## એક વૃધ્ધને ઇ-ચલણની ફાઈલ મોકલી સોળ લાખ ઉસેડ્યા હતાં: તપાસમાં વધુ ગુનાઓનો ભેદ ખુલવાની આશા: ઠગાઇની રકમમાંથી ક્રેડીટ કાર્ડના બીલની કરતાં હતાં ભરપાઇ!

રાજકોટ, તા.૧૨

અલગ અલગ રીતે ઠગાઇ કરતાં ગઠીયાઓ મોટે ભાગે પકડાતા નથી. પરંતુ એક આવી ટોળકીને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. આ ટોળકી ખાસ કરીને વૃધ્ધોને નિશાન બનાવતી હતી. જેમાં આરટીઓ ચલણની એપીકે ફાઇલ બનાવી ઠગાઇ કરવામાં આવતી હતી. એક વૃધ્ધના આ રીતે સાડાસોળ લાખ ઉસેડી લીધા હતાં. આ ટોળકી પકડાઇ જતાં અનેક ગુનાના ભેદ ખુલવાની આશા છે. દસ શખ્સોને પોલીસે દબોચીને ઠગાઇની વિસ્તૃત વિગતો ઓકાવવા મહેનત શરૂ કરી છે.

માહિતી અનુસાર સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે એક એવા સાયબર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે જેમાં આરોપીઓ પોતાના ક્રેડિટ કાર્ડના લાખો રૂપિયાના દેવા ભરવા માટે સીનિયર સિટિઝન્સને ટાર્ગેટ કરતા હતા. સુરતના અલગ-અલગ વિસ્તારોમાંથી કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેઓ ટેકનોલોજીનો દુરૂપયોગ કરી નિર્દોષ વૃદ્ધોના બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી નાણાં સેરવી લેતા હતા. આ કૌભાંડનો મુખ્ય હેતુ આરોપીઓના અંગત મોજશોખ અને ક્રેડિટ કાર્ડના બિલોની ચૂકવણી કરવાનો હતો. પકડાયેલા આરોપીઓ રૂ. ૬ થી ૭ લાખની તોતિંગ લિમિટ ધરાવતા ક્રેડિટ કાર્ડ રાખતા અને તેના પર બેફામ ખર્ચ કરતા હતા.

જ્યારે આ બિલો ભરવા માટે તેમની પાસે નાણાંની સગવડ નહોતી, ત્યારે તેઓએ સીનિયર સિટિઝન્સને શિકાર બનાવવાનું કાવતરૂં ઘડ્યું હતું. આરોપીઓ સીનિયર સિટિઝન્સને આરટીઓ ઇ-ચલણના નામની એક જોખમી એપીકે ફાઇલ મોકલતા હતા. ખાસ કરીને નિવૃત્ત જીવન જીવતા વૃદ્ધોને ટાર્ગેટ કરવામાં આવતા હતા કારણ કે તેઓ ટેકનોલોજીથી વધુ વાકેફ હોતા



નથી. જેવી વ્યક્તિ આ ફાઇલ પર ક્લિક કરે, કે તરત જ તેમનો આખો મોબાઇલ ફોન હેક થઈ જતો અને તમામ વિગતો આરોપીઓ પાસે પહોંચી જતી હતી. તામિલનાડુના કોઈમ્બતુરના એક નિવૃત્ત વૃદ્ધ આ ટોળકીનો ભોગ બન્યા હતા. આરોપીઓએ તેમના મોબાઈલ ફોનમાં એપીકે ફાઇલ મોકલીને તેમનો ડેટા એક્સેસ કરી લીધો હતો. ત્યારબાદ, વૃદ્ધના ઇન્ડસઇન્ડ બેંકના ખાતામાં રહેલી એફડીના નાણાંનો ઉપયોગ કરી અલગ-અલગ ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ. ૧૬,૪૯,૯૬૧ ઉપાડી લેવામાં આવ્યા હતા.

વધુ માહિતી આપતાં ક્રાઈમ બ્રાન્ચના એસીપી કિરણ મોદીના જણાવ્યા મુજબ આરોપીઓ પોતાના સાગરીતોને ક્રેડિટ કાર્ડમાં નાણાં ટ્રાન્સફર કરાવવા માટે રૂ કમિશનની લાલચ આપતા હતા. આ રીતે મેળવેલા નાણાંથી તેઓ પોતાના ક્રેડિટ કાર્ડના બાકી લેણાં ચૂકવતા અને લક્ઝરી લાઈફસ્ટાઈલ જાળવી રાખતા હતા. સુરતની મોબાઈલ ોચિંગ સ્કોડની ટીમે ટેકનિકલ સર્વેલન્સ દ્વારા આ આખી ગેંગને ટ્રેક કરી હતી. પકડાયેલા ૧૦ આરોપીઓમાં રજની ભાલડીયા, વિશ્વાસ રાદડીયા અને સાવન રાદડીયા સહિતના યુવાનોનો સમાવેશ થાય છે. જેઓ અમરોલી, વરાછા અને ઉધના જેવા વિસ્તારોમાં રહીને આ નેટવર્ક ચલાવતા હતા.

આ આરોપીઓ એટલી ચાલાકીથી કામ કરતા હતા કે ક્રેડિટ કાર્ડના બિલો ભરવા માટે તેઓ દર વખતે નવા ટાર્ગેટ શોધતા હતા. કોઈમ્બતુર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે સુરત પોલીસે આ તમામ આરોપીઓને કોઈમ્બતુર પોલીસને સુપરત કર્યા છે. કોર્ટ દ્વારા આરોપીઓના ચાર દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. હવે પોલીસ એ તપાસ કરી રહી છે કે આ ટોળકીએ અન્ય કેટલા સીનિયર સિટિઝન્સના ક્રેડિટ કાર્ડ કે બેંક ખાતા સાફ કર્યા છે. તપાસમાં અનેક ઠગાઇના ભેદ ખુલવાની શક્યતા નકારી શકાતી નથી. એપીકે ફાઇલથી આવતાં લગ્નના આમંત્રણો, આરટીઓના ઇ-ચલણની ફાઇલો ન ખોલવા સતત પોલીસ લોકોને સતર્ક કરતી હોય છે. પરંતુ અજાણ એવા વૃધ્ધો ભુલથી ફાઇલ ખોલી નાંખે છે અને એ સાથે જ તેમનો ફોન હેક કરી ગઠીયાઓ નાણા ઉસેડી લે છે.

# સગીરાનું અપહરણ કરનારો ઢગો પકડાયો

## રાણાવાવની ઘટનામાં પોલીસે ટીમો બનાવી ગુનો ડીટેક્ટ કર્યો : મદદ કરનારા બે પણ ઝબ્બે



રાજકોટ, તા.૧૨

એક બાળકીના અપહરણના મામલે પોલીસે તપાસ કરી ત્રણ શખ્સોને પકડી લીધા હતાં. પોરબંદર પોલીસે આ કાર્યવાહી કરી હતી. રાણાવાવની બાળાનું અપહરણ કરી જનારા કરણ લખમણ, સંદીપ રવજીભાઇ તથા લખમણભાઇ બાબુભાઇ જે ત્રણેય ઉપલેટાના રાજપરા ગામે રહે છે તેને પકડી લીધા હતાં. રાણાવાવ પોલીસમાં આ મામલે ગુનો દાખલ થયો હતો.

વિગતો જોઇએ તો ફરીયાદીની સગીર વયની દીકરીનુ આ કામના આરોપી કરણ લખમણભાઇ સીંહોરા જે રાજપરા તા.ઉપલેટાનો છે અને ઓગણીસ વર્ષની ઉમરનો છે તે ભગાડી ગયો હતો. આગુન્હાની તપાસ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. એન. એન. તળાવિયા અને રાણાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઇ આર. વી.મોરી તથા રાણાવાવ પોલીસ સ્ટેશનના સ્ટાફે ગુન્હાના આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના આપી હતી. આ નાસતા ફરતા આરોપી કરણ લખમણભાઇને ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન સોર્સીસના આધારે આ કામના આરોપી તથા ભોગબનનારની બજરંગપુર તપાસ કરતાં આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢી આરોપીને ભોગ બનનારનુ અપહરણ કરવામાં મદદ કરનાર સંદીપ રવજીભાઇ લુદરીયા તથા લખમણ બાબુભાઇ સીંહોરાને પણ પકડ્યા હતાં. બાળા સાથે બળજબરી થઇ હતી કે કેમ? તે જાણવા તબિબી પરિક્ષણ કરાવી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### જેની પાસેથી જમીન ખરીદી તેણે નક્કી થયા મુજબ નાણા લઇ લીધા પછી તેના પુત્રએ પણ વધારાના પડાવ્યા

# વૃધ્ધ પાસે ખંડણી માંગી ખૂનની ધમકી

## રાજકોટ અમૃતા સોસાયટીમાં રહેતાં વૃધ્ધે સોળ લાખ જમીનના ચુકવ્યા પછી પણ વધારાના પચ્ચીસ લાખ પડાવ્યા: આમ છતાં ધરાયા નહિ અને વધુ ને વધુ રકમ માંગી ઘરે આવી ખેલ કર્યો: ગાંધીગ્રામ પોલીસે જેતપુરના શખ્સો સામે કરી કાર્યવાહી

રાજકોટ, તા.૧૨

શહેરમાં રહેતાં અને ખેતીની જમીનની લે-વેંચનો ધંધો કરતાં ખેડુત પટેલ વૃધ્ધે જેતપુર પંથકમાં એક જમીન સોળ લાખમાં ખરીદી હોઇ એ પછી વેંચનારના પુત્રએ વધુ રકમો માંગતા આ વધારાના પચ્ચીસ લાખ ચુકવી દીધા હોવા છતાં આ શખ્સ હજુ વધુ પંદર લાખ માંગી હેરાન કરતો હોઇ અને રાજકોટ વૃધ્ધના ઘરે બીજા શખ્સો સાથે આવી હીસાબના પૈસા હવે તો ડબલ દેવા પડશે તેમ કહી ધમકી આપી છરી બતાવી આખા પરિવારને પતાવી દેવાનું કહી ધમકાવતો હોઇ પોલીસને જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે ધમકી-ખંડણી માંગવા સહિતની કલમો હેઠળ પાંચ શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે પોલીસે રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે ૧૫૦ ફુટ રીંગ રોડ પર અમૃતા સોસાયટી જતન એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૪૦૧માં રહેતાં જમીન-મકાનના ધંધાર્થી કાનજીભાઇ કલ્યાણજીભાઇ કાનકડ-પટેલ નામના ચોસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી જેતપુરના મોણપર ગામના જોરૂ મંગુભાઇ ધાધલ, અમરેલી અંટાળીયાના ઉદય ખુમાણ, મોણપરના નિલેષ ધાધલ અને વિરપુરના અંકિત તથા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જમીનના દસ્તાવેજ ઉપરાંતના રૂપિયા તમારે દેવાના છે તેમ કહી બળજબરીથી ખંડણીની ઉઘરાણી કરતાં વૃધ્ધે રૂપિયા ન દેતાં તેમના ઘરે આવી છરી કાઢી મારી નાખવાની ધમકી આપી હતી.

વધુ માહિતી અનુસાર કાનજીભાઇ કાનકડે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને ખેતીની જમીન લે-વેંચનું કામ કરુ છું. તેણે વધુમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪માં જેતપુરના મોણપર ગામે રેવન્યુ સર્વે નંબર ૧૨૬ની કુલ જમીન પૈકી ક્ષેત્રફળ હેક્ટર ૪.૩૦.૯૯ ચોરસ મીટર જીરાયત પ્રકારની ખેતીની જમીન મંગુભાઈ ધાધલ અને ગભરૂભાઇ ધાધલ જે બંને મોણપરના રહેવાસી છે તેની પાસેથી રૂ.૧૬ લાખમાં પોતાના સગા ભાણેજ રજનીકાંત કયાડા (રહે. પરબવાવડી તા. ભેંસાણ)ના નામે ખરીદી હતી. આ જમીન ખેતી કરવા લાયક ન હોઇ જેથી પડતર હતી અને આ જગ્યામાં ઘાસચારો ચરાવવા માટે મંગુભાઈ ધાધલનો દીકરો જોરૂભાઈ ધાધલ તેમની ભેંસ



છૂટી મુકી દેતો હતો. આ બાબતે તેને કહેતાં તેણે કહ્યું હતું કે, ભલે તમે મારા બાપુજી પાસેથી આ જગ્યા વેચાતી લઈ લીધી હોય પરંતુ માલ ઢોર આ જગ્યામાં જ ચરવા આવશે અને આ જગ્યાની કિંમત ઉપરાંત તમારે વધારાના રૂપિયા ૩૫ લાખ આપવા પડશે.

ત્યારબાદ કટકે કટકે જોરૂ ધાધલને આજ દિવસ સુધીમાં કુલ રૂપિયા ૧૦.૨૦ લાખ આપી દીધા હતા અને જમીનની દલાલી પેટે મુન્ના મોણપરવાળાને રૂપિયા ૧૫ લાખ આપવાનું જોરૂભાઈ ધાધલે કહેતા જે દલાલી પેટે ફરિયાદીએ સ્કોર્પિયો કાર જેની કિંમત રૂપિયા ૯ લાખ ગણી બાકીના છ લાખ રૂપિયા રોકડા ચૂકવી દીધા હતા. તેમ છતાં જોરૂ ધાધલ હજુ ડબલ રૂપિયાની માંગણી કરે છે. દરમિયાન ગઈ તારીખ ૮/૧/૨૦૨૬ ના ફરિયાદી ઘરે હતા ત્યારે રાત્રિના જોરૂ ધાધલના સાળા ઉદય ખુમાણનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તમે જોરૂભાઈને પૈસા આપવાની કેમ ના પાડી જેથી ફરિયાદીએ કહ્યું હતું કે, મારે કોઈ પૈસા દેવાના બાકી નથી અને મારે જે રૂપિયા જોરૂભાઈને ચૂકવવાના થતા હતા તે તમામ રૂપિયા મેં આપી દીધા છે જેની રસીદ પણ મારી પાસે છે.

આ સાંભળી ઉદયભાઇએ કહ્યું હતું કે, હું અને મારા બનેવી જોરૂભાઈ શનિવારે તમને મળવા રાજકોટ આવીશું ઘરે હાજર રહેજો. બાદમાં તા.૧૦ના સાંજના પોણા સાત વાગ્યા આસપાસ ફરિયાદી ઘરે હાજર હતા ત્યારે ઉદય ખુમાણનો ફરી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે અમે તમારા ઘર નીચે આવી ગયા છીએ તમને મળવું છે. જેથી કાનજીભાઇ કાનકડે એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલ મિત્ર હેતુલ શાહનો લેટ હોય જેની ચાવી તેની પાસે હોવાથી તેઓ અહીં મળ્યા હતા. આ વખતે અહીં જોરૂભાઈ તેનો સાળો ઉદય તથા મોણપર ગામનો નિલેશ આવ્યા હતા અને તેની સાથે અંકિત તથા એક અજાણ્યો શખસ પણ હતો જે બંને નીચે ભા હતા જોરૂભાઈએ ફરિયાદીને કહ્યું હતું કે મારો શું હિસાબ બાકી છે? મારો હિસાબ લાવો.

જેથી કાનજીભાઇએ કહ્યું હતું કે કોઈ હિસાબ બાકી નથી તમામ રૂપિયા ચૂકવી આપ્યા છે. આથી તેણે ઉશ્કેરાઇ જઇ બાકીના રૂપિયા તો તમારે આપવા જ પડશે નહીંતર કોઈને જીવતા નહીં રહેવા દઉ. આ પછી તેની સાથે આવેલા નિલેશે કહ્યું હતું કે હવે તમે જેટલા જમીનના રૂપિયા આપ્યા છે એના ડબલ રૂપિયા આપવા પડશે અને ઉદયે પણ ધમકી આપી હતી કે રૂપિયા તો આપવા જ પડશે નહીંતર મજા નહીં આવે. દરમિયાન લેટમાંથી બહાર જતી વેળાએ અંકિતે છરી કાઢી હતી અને ફરિયાદીને ધમકાવ્યા હતા અને કહ્યું હતું કે તમારી જમીન પર આવી જુઓ પતાવી દઈશું.

આમ આરોપીઓ હિસાબના પૈસા દેવાના બાકી છે તેમ કહી ખોટી રીતે મોટી રકમની ખંડણીની ઉઘરાણી કરતા હોય અને પૈસા આપવાની ના પાડતા જમીન મકાનના ધંધાર્થી વૃધ્ધ તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા અંતે તેમણે આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ઇન્સપેક્ટર એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ વી. ડી. રાવલીયાએ ધમકી, ખંડણી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

### મોબાઇલ પર વાતો, ચેટીંગનો મામલો વધુ એક વખત લોહીયાળ બન્યો

# યુવતીને કોલ મામલે યુવાનની હત્યા

## જે શખ્સ મેસેજ-કોલ કરી હેરાન કરતો હતો તેને ઠપકો આપવા જતાં ચાર જણાએ છરીના ઘા ઝીંકી કરી હત્યા: ચારેયને ઝડપી લેવાયા

રાજકોટ, તા. ૧૨

નાની મોટી વાતે થતાં ઝઘડાઓ ઘણીવાર હત્યા સુધી પહોંચી જાય છે. વધુ એક આવો બનાવ બન્યો છે. જેમાં એક યુવાનની સગાની દિકરીને એક શખ્સ ફોન કરી વ્હોટ્સએપ પર મેસેજ કરી હેરાન કરતો હોઇ આ શખ્સને યુવાન ઠપકો આપવા જતાં તેને છરીના ઘા ઝીંકી પતાવી દેવાયો હતો. આ બનાવમાં પોલીસે ત્વરીત કાર્યવાહી કરી હત્યાનો ગુનો દાખલ કરી ચાર આરોપીઓને દબોચી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના ભાવનગર અકવાડા નાથીયા તળાવની બાજુમાં જત વિસ્તારમાં બની હતી. અહિ રહેતાં યુવકની યુવતી સાથે ફોન પર વાતચીત અને વોટ્સએપ ચેટિંગના મુદ્દે વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં મોડી રાતે યુવતીના પરિવારના ત્રણ શખ્સો યુવકને ઠપકો આપવા તેના ઘરે ગયા હતાં. જ્યાં યુવક અને તેના પરિવારે ત્રણ શખ્સો પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં યુવતીના સંબંધી દિનેશ નામના યુવકને પડખાના ભાગે અને પેટના ભાગે છરીના ઉપરા ઉપરી ઘા મારી ગંભીર ઈજા થઈ હતી. તેથી તેને સારવારમાં ખસેડાયો હતો.

જેમાં આ યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું. ઘટનાને પગલે પોલીસે બનાવ સ્થળે પહોંચીને તપાસ કરી હતી. જેમાં સગીર સહિત ૪ને પોલીસે હસ્તગત કર્યા છે. નોંધાયેલી ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરવા અંગેની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ચાર આરોપીને ઝડપી લીધા તેમાં રાહુલ ધીરૂભાઇ સોલંકી, અલ્પેશ ભીમભાઇ સોલંકી, સુરેશ ભીમાભાઇ સોલંકી અને એક સગીર પણ સામેલ છે.આ બનાવ અંગે ઘોઘારોડ પોલિસ સ્ટેશનથી મળતી વિગત મુજબ ફરીયાદી દિલીપ રમેશભાઈ ડાભીના મામાના ભાગીદારના સંબંધીની દીકરી સાથે શહેરના અકવાડા નાથીયા તળાવની બાજુમાં જત વિસ્તારમાં રહેતો અલ્પેશ ધીરાભાઈ સોલંકી ફોનમાં વાતચીત તેમજ વોટ્સએપમાં ચેટ કરતો હતો.

આ બાબતે ફરીયાદી તથા તેના મામા અને અન્ય લોકો અલ્પેશ સોલંકીને તેના ઘરે ઠપકો આપવા ગયા હતાં. જે સમયે અલ્પેશ તથા તેનો ભાઈ રાહુલ, તેની સાથે પાછળથી આવેલા સુરેશ ઉર્ફે



**પ્રેમસંબંધમાં યુવાનને ધમકી મળતાં ઝેર પી જીવ દીધો મરવા માટે દુષ્પ્રેરણા આપનારા ચાર સામે કાર્યવાહી**

ઘુઘી અને એક સગીર, તેઓએ દિલીપ ડાભી સાથે ઝપાઝપી કરી મારામારી કરી હતી. જે દરમ્યાન અલ્પેશ સોલંકીએ દિલીપના મામા દિનેશને પકડી રાખેલ અને રાહુલે દિલીપના દિનેશ હરભીમભાઈ ચૌહાણને પડખાના ભાગે અને પેટના ભાગે છરીના ઉપરા ઉપરી ઘા મારી ગંભીર ઈજાઓ કરી હતી. જ્યારે આ બનાવ અંગે મૃતકના ભણીયાએ ઘોઘારોડ પોલિસ મથકમાં રાહુલ ધીરાભાઈ સોલંકી, અલ્પેશ ધીરાભાઈ સોલંકી, સુરેશ ઉર્ફે ઘુઘી સોલંકી અને એક સગીર વિરૂધ્ધ આ બનાવની ફરિયાદ નોંધાવી હતી. જ્યાં દિનેશ હરભીમભાઈ ચૌહાણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.ઘટનાના પગલે સીટી ડીવાયએસપી ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પીઆઇ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

ઘોઘારોડ પોલિસે આ બનાવમાં નોંધાયેલ ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે સીટી ડીવાયએસપી આર. આર.સિંધાલએ જણાવ્યું હતું કે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનના અકવાડા વિસ્તારમાં બનાવ બનેલ. આ બનાવની દિલીપ ડાભી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ભોગ બનનાર દિનેશભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા તેની ફરિયાદ લેવામાં આવી અને સારવારમાં તેનું મૃત્યુ થતાં આ બનાવ હત્યામાં પરિણામ્યો છે. જેને લઇ પી.આઈ. કુરેશી દ્વારા હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવી છે અને આરોપીઓને પકડી લેવાયા હતાં.

અન્ય એક બનાવમાં રાજુલાના રાભડામાં પ્રેમ સબંધ મુદ્દે યુવકને મારી નાખવાની ધમકી આપ્યા બાદ ઝેરી દવા પી લેતા મોત નિપજ્યું હતું. યુવકને મરી જવા મજબુર કરવા મુદ્દે ચાર લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. રાભડામાં રહેતા શામજીભાઈ નાનજીભાઈ પરમારએ જેસીંગ ડાયાભાઈ પરમાર, કેશુ ચકુરભાઈ પરમાર, મહેશ લખમણભાઈ પરમાર અને ડાયા ચકુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના દિકરા અજયભાઈ પરમારને ચારેય શખ્સોએ પ્રેમ સબંધ મુદ્દે મારી નાખવા અને દુષ્કર્મના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અજયભાઈ પરમાર ડરી જતા ઉંદર મારવાની ઝેરી દવા પી લીધી હતી. અજયભાઈને સારવાર અર્થે મહુવા અને ભાવનગર ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન અજયભાઈ પરમારનું મોત થયું હતું. તેને મરવા મજબુર કરવા મુદ્દે ડુંગર પોલીસ મથકમાં ચારેય લોકો સામે ગુનો નોંધાયો હતો. આ બનાવની પીએસઆઈ વી.એસ.પલાસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ફ્લાવર બેડનો પ્રશ્ન ૨૦મીની જનરલ બોર્ડમાં નહીં ચર્ચાય

## ૧૪ નગરસેવકોએ ૩૧ પ્રશ્નો પૂછ્યા જેમાં પ્રથમ પ્રશ્ન ભાજપ કોર્પોરેટરનો : માર્ચ મધ્યમાં પ્રવર્તમાન બોડીનો કાર્યકાળ થશે પૂર્ણ, અંતિમ જનરલ બોર્ડ હોવાની શક્યતા

રાજકોટ, તા. ૧૨

આગામી ૨૦ મી એ મહાનગરપાલિકા તેનું જનરલ બોર્ડ યોજ છે તે માટે મેયરની સૂચનાથી સેક્રેટરી દ્વારા એજન્ડા પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યો છે હાલ આ જનરલ બોર્ડ બેઠકમાં કુલ ૧૨ દરખાસ્તો આવેલી છે જેમાંથી આઠ દરખાસ્ત તો માત્ર નામકરણની જ છે સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રવર્તમાન બોડીની અંતિમ જનરલ બોર્ડ હોઈ શકે છે પરંતુ હજુ સુધી આ અંગે કોઈ નક્કર વાત સામે આવતી નથી. આ વખતે ફરી વખત ભાજપના નગરસેવકનો પહેલો પ્રશ્ન આવેલો છે જેમાં સમગ્ર જનરલ બોર્ડ પૂરું થઈ જાય તેવું ચર્ચાઈ રહ્યું છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલની ભાજપની વર્તમાન બોડીની ટર્મ માર્ચ મહિનામાં પૂર્ણ થઈ રહી છે જેથી ચાલુ બોડી નું આ અંતિમ જનરલ બોર્ડ હશે છતાં ખાસ કિસ્સામાં મેયર પાસે સત્તા છે ત્યારે જોવાનું એ રહ્યું કે બજેટ રજૂ કરી જનરલ બોર્ડમાં તેને મંજૂર કરવામાં આવે છે કે કેમ ? હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ભાજપ કોંગ્રેસના કુલ




૧૪ કોર્પોરેટરો એ ૩૧ પ્રશ્નો પૂછ્યા છે જેમાં કોંગ્રેસના ત્રણ સભ્યોના નવ પ્રશ્નો અને ભાજપના ૧૧ સભ્યોના ૨૨ પ્રશ્નો હાલ મળ્યા છે. પરંતુ એ વાત સાચી છે કે આ વખતે ભાજપના નગરસેવક નો પ્રશ્ન હોવાના કારણે ચર્ચા અથવા તો અન્ય કોઈ મહત્વની કામગીરી જનરલ બોર્ડમાં થશે નહી માત્ર એક કલાકની અંદર એક પ્રશ્નના જવાબ આપી દેવામાં આવશે અને જનરલ બોર્ડ પૂર્ણ કરી દેવાશે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સત્તાધીશો એ સમગ્ર વર્ષના જનરલ બોર્ડની કામગીરીના લેખા જોખા આપવા જોઈએ અને જે કાર્યો મંજૂર કરવામાં આવ્યા છે તે આજ દિન સુધી પરિપૂર્ણ થયા છે કે કેમ અને કેટલા કામો બાકી રહ્યા છે આ તમામ બાબતોની માહિતી ખરા અર્થમાં સતાધીશો એ આપવી જોઈએ તો જ ખ્યાલ આવે કે કામગીરી કઈ ઝડપે થઈ રહી છે પરંતુ માત્ર એક પ્રશ્નમાં જનરલ બોર્ડ પૂર્ણ કરી દેવાની જે વાતો કરવામાં આવતી હોય છે અને તે પ્રકારની જે કામગીરી હાથ ધરાઈ છે તેનાથી રાજકોટનો જે વિકાસ થવો જોઈએ તે થઈ શકતો નથી અને પરિણામ સ્વરૂપે જ મહાનગરપાલિકાની અનેકવિધ ગેરરીતીઓ સામે આવતી જોવા મળે છે.

એજન્ડાની પ્રશ્નોતરીમાં પહેલો પ્રશ્ન વોર્ડ નં.૯ના કોર્પોરેટર દક્ષાબેન વસાણીનો છે જેઓએ બે વર્ષમાં અમૃત યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મળી અને કેટલા કામો થયા તેવું પુછ્યું છે. બે વર્ષમાં સ્વર્ણિમ યોજના અંગે આવી જ માહિતી માંગી છે. બીજા ક્રમે રૂચિતાબેન જોષીએ સ્ટ્રીટ લાઇટની સંખ્યા, ફરિયાદો, ડામર રી-કાર્પેટની વોર્ડવાઇઝ વિગતો પૂછી છે. તો ત્રીજા ક્રમે કંકુબેન ઉધરેજાએ ટીપીના પ્લોટ, આંગણવાડીઓ, ચોથા ક્રમે વિનુભાઇ સોરઠીયાએ આરોગ્ય ગ્રાન્ટ અને ફાયર વિભાગના સાધનોની વિગતો પૂછી છે. પાંચમા ક્રમે દક્ષાબેન વાઘેલાએ વોર્ડ વાઇઝ કોર્પો.ની મિલ્કતો, લાયબ્રેરી અને તેના સભ્યો અને પુસ્તકોની વિગત પૂછી છે. આમ ભાજપના પ્રથમ છ પ્રશ્ન સરકારી માહિતી અને આંકડા માંગતા હોય તેવા જ બની રહેતા આ ચર્ચામાં જ બોર્ડ પુરૂ થઇ જાય તેમ લાગે છે.

છઠ્ઠા ક્રમે વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયાએ ત્રણ પ્રશ્નો રજૂ કર્યા છે. ટીપી શાખામાં તા.૧૧-૧૧-૨૦૨૫ સુધીમાં કુલ જુદા જુદા વોર્ડમાંથી ૪૯ બિલ્ડીંગની સ્થળ ચકાસણી પૂરી કરી હતી તે પૈકી આઠ બાંધકામોને ભોગવટા પરવાનગી આપવાની અનુમતિ આપેલ છે તો તેમાંથી કેટલા બાંધકામોના પૈસા ભરાયા અને જો નથી ભર્યા તો તેની સામે શું શું પગલાં લીધા? ફલાવર બેડની નવી અરજીનું સ્ટેટસ, સરકારની છુટછાટથી ફાયદો પૂછયા છે. સાંસ્કૃતિક વિકાસ વિભાગના પાંચ વર્ષના ખર્ચ સ્વર્ણિમ ગ્રાન્ટની વિગતો પણ પૂછી છે.

# ઈસ્ટ ઝોનના ડે.ઈજનેર પર હુમલો કરનાર એજન્સી નથી થઈ બ્લેકલિસ્ટ

## મનપાની કામગીરી પર અનેકવિધ સવાલો : પદાધિકારીઓએ સેવ્યું મૌન



રાજકોટ, તા. ૧૨

થોડા દિવસો પૂર્વે ઈસ્ટ ઝોનના ડેપ્યુટી ઈજનેર પર એજન્સી ના કર્મચારી દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ ઈજનેરોએ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રામધૂન બોલાવી હતી અને ખાસ આ હુમલાને વાખોડી કાઢવામાં આવ્યો હતો એટલું જ નહીં હુમલાના બીજે દિવસે તમામ ઈજનેરો સત્તાધીશો અને અધિકારીઓ પાસે પોતાની ફરિયાદ લઈને પહોંચ્યા હતા જ્યાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે એજન્સીને બ્લેકલિસ્ટ કરવાનું જણાવ્યું હતું પરંતુ તે વાતને પણ આજે ઘણો સમય વીતી ગયો છે છતાં પણ મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તંત્ર કેમ ચૂપ થઈને બેસી ગયું છે તે અત્યારે અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ૨૦ મી તારીખે જે જનરલ બોર્ડ યોજાવાનું છે તેમાં કોંગી નગરસેવક દ્વારા આ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે ત્યારે ખરા અર્થમાં ૨૦ તારીખ પહેલા શું એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

કોર્પોરેટર મકબુલ દાઉદાણીએ પુછયું છે કે, કોન્ટ્રાકટરે ડે.ઈજનેર પર હુમલો કરીને ધમકી આપી હતી. કર્મચારીઓ અને અધિકારીઓ સલામત નથી. મનપાની એ.સી. ચેમ્બરમાં બેસતા ઉચ્ચ અધિકારીના પેટનું પાણી કેમ હલતું નથી. વોર્ડ નં.૧૮માં બનેલા આ બનાવ બાદ હજુ સુધી કેમ એજન્સીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરાતી નથી? આવી હુમલાખોર એજન્સીને કેમ છાવરવામાં આવે છે? કેમ કોઇ ફરિયાદી બનતું નથી? હવે આવો બનાવ બને તો જવાબદારી કોની? વાસ્તવિકતા એ જ છે કે જ્યાં સુધી આ અંગે ઉત્તમ ઉદાહરણ તંત્ર નહીં બેસાડે ત્યાં સુધી અન્ય અનેકવિધ પ્રશ્નો ઉભા થતા રહેશે જેના પર યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી ખૂબ જરૂરી અને આવશ્યક છે. હાલ તંત્ર દ્વારા એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી નથી કે કયા કારણોસર એજન્સી ઉપર કોઈ પગલાં લેવામાં આવ્યા નથી જો નક્કર કારણ ખબર પડે તો કદાચ તંત્રની કામગીરી ની પોલ છતી થાય તેવું જાણકાર વર્તુળો ચરતી રહ્યા છે પરિણામ સ્વરૂપે જ હાલ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવી નથી. મહાનગરપાલિકાની હાલની સ્થિતિની જો વાત કરવામાં આવે તો કામગીરીની પ્રણાલી ખૂબ જ સરળ છે જેમાં તેરી ચૂપ અને મેરી ચૂપ જેવું કાર્ય થતું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# સૌરાષ્ટ્રનો GDP વર્ષ ૨૦૪૭માં ૬૦૦ બિલિયન ડોલરે પહોંચશે

## રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ રહ્યા હાજર





રાજકોટ, તા. ૧૨

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની ફળશ્રુતિ રાજકોટના આંગણે 'સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજન SaER - ઈકોનોમિક માસ્ટર પ્લાન' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સ્તરની કોન્ફરન્સને હવે પ્રાદેશિક સ્તરે લઈ જવી એ ભવિષ્યની જરૂરિયાતોને પારખવાની વડાપ્રધાનની અનોખી શક્તિનું પરિણામ છે. આ અભિગમથી સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક પ્લેટફોર્મ પ્રાપ્ત થશે અને પ્રાદેશિક વિકાસને નવી ગતિ મળશે.

મંત્રીએ સૌરાષ્ટ્રના વિકાસ માટે તૈયાર કરાયેલા ૩૦ વર્ષના લાંબા ગાળાના ઈકોનોમિક માસ્ટર પ્લાનની વિગતો આપતા જણાવ્યું કે, ક્લસ્ટર આધારિત વિકાસ એ આજના સમયની માંગ છે. આ પ્લાન અંતર્ગત રાજકોટમાં એન્જિનિયરિંગ અને મેડિકલ ડિવાઈસ પાર્ક તેમજ જામનગરમાં પેટ્રોકેમિકલ્સ જેવા વિશિષ્ટ ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પિયુષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી વર્ષોમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે, જેમાં ગુજરાતની ભૂમિકા અત્યંત મહત્વની રહેશે. ખાસ કરીને ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્રનો જીડીપી ૧૧ થી ૧૨ ગણો વધીને ૬૦૦ બિલિયન ડોલર સુધી પહોંચશે અને ગુજરાત 'વિકસિત ભારત'ના સંકલ્પનો મુખ્ય આધારસ્તંભ બની રહેશે.

આ અવસરે કેન્દ્રીય વાણિજ્ય વિભાગના અધિક સચિવ અજય ભાદુએ સૌરાષ્ટ્રના ઉદ્યોગ સાહસિકોને 'સપ્લાયર' ની માનસિકતા છોડીને 'સિસ્ટમ અને સોલ્યુશન પ્રોવાઈડર' બનવા હાકલ કરી હતી. તેમણે રાજકોટના એન્જિનિયરિંગ, મોરબીના સિરામિક અને જામનગરના એનર્જી ક્લસ્ટરને ગ્લોબલ વેલ્યુ ચેઈન સાથે જોડવા પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, ભારત સરકાર ગ્રીન હાઈડ્રોજન, ડિફેન્સ, એરોસ્પેસ અને પ્રિસિઝન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં રોકાણ માટે પ્લગ એન્ડ પ્લે ઇન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ જેવી સુવિધાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે.

સેમિનારમાં 'ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા - GRIT' ના ઈઊઘ સુશ્રી એસ. અપર્ણાએ માસ્ટર પ્લાનની રૂપરેખા રજૂ કરી હતી, જ્યારે બંદરો અને પરિવહન વિભાગના સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે સૌરાષ્ટ્ર-કચ્છના બંદરો અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે રહેલી રોકાણની વિપુલ તકો વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવે પણ રોકાણકારોને આ વિસ્તારને ગ્લોબલ ઇન્ડસ્ટ્રીયલ હબ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના વિવિધ ટેકનિકલ સત્રોમાં દેશ-વિદેશના તજજ્ઞોએ સંરક્ષણ, એરોસ્પેસ અને એક્સપોર્ટ મેનેજમેન્ટ જેવા વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. જેમાં મહિન્દ્રા લાઈફસ્પેસના વિક્રમ ગોયલ, JAFZAના યુસુફ તાંબાવાલા અને પીડબલ્યુસી (PwC) ઈન્ડિયાના મોહમ્મદ અથર જેવા નિષ્ણાતોએ પોતાના અનુભવો શેર કર્યા હતા. કાર્યક્રમના અંતિમ સત્રમાં સૌરાષ્ટ્રમાં સંરક્ષણ, એરોસ્પેસ, એન્જિનિયરિંગ અને સિરામિક ક્ષેત્રે નિકાસની તકો તેમજ લોજિસ્ટિક્સ પ્રસ્પેક્ટિવ પર ઉદ્યોગ જગતના અગ્રણીઓએ પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમમાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ (પ્લાનિંગ) આદ્રા અગ્રવાલ દ્વારા તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત તેમજ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ તકે જ્યોતિ સી.એન.સી. ના પરાક્રમસિંહ જાડેજા સહિતનાં અગ્રગણ્ય ઉદ્યોગપતિ, રોકાણકારો સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાંઢીયો પુલ ફરી ઘોંચમાં

## તંત્રની ઢીલી નીતિના પગલે લોકો ત્રાહિમામ, રેલવે દ્વારા નથી મળી મંજૂરી



રાજકોટ તા. ૧૨

મહાનગરપાલિકાની એક નહીં અનેકવિધ ગેરરીતિઓ અને કામગીરી ઘણા ખરા પ્રશ્નો ઊભા કરી રહી છે મળતી માહિતી મુજબ જામનગર રોડ ઉપર જે સાંઢીયો ફુલ આવેલો છે તેને પિચોતેર કરોડના ખર્ચે અધ્યતન બનાવવા માટેની કામગીરી હાલ હાથ ધરવામાં આવી છે પરંતુ મનપાની ઢીલીતીના કારણે આ કામ આજે પણ અધરતાલ રહી ગયું છે. હાલ જે વિગતો મળી રહી છે તેમાં રેલ્વે ટ્રેક પરના સેન્ટ્રલ પોર્શન પર ગડર મુકવા માટેની પરવાનગી રેલવે તંત્ર પાસેથી માંગવામાં આવી હતી પરંતુ આજ દિન સુધી તે મંજૂરી મળી નથી પરિણામ સ્વરૂપે એ વાત સ્પષ્ટ છે કે માર્ચ મહિનામાં જે કાર્ય પૂરું થવાનું હતું તે હવે નહીં થાય. અગાઉ પણ બે વખત વિવિધ માંગણી તંત્ર દ્વારા કરવામાં આવી હતી પરંતુ તે અંગે પણ કોઈ યોગ્ય ઉકેલ આવ્યો ન હતો અને પરિણામ સ્વરૂપે હાલ બ્રીજનું કામ ખોરંભે ચડી ગયું છે.

અત્યારે આ બ્રિજનું કામ પૂર્ણ ન થતા આસપાસના વિસ્તારના લોકોને એમ પણ તકલીફો વેઠવી પડે છે અને હજુ પણ વેઠવી પડે તેવું જણાઈ રહ્યું છે. અગાઉ આશા હતી કે માર્ચ મહિનામાં આ બ્રિજ પૂર્ણતઃ કાર્યરત થઈ જશે પરંતુ હાલની સ્થિતિને જોતા અને હજુ સુધી જે રેલવે તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હોય તે ન મળતા આ બ્રિજ અધૂરો રહી ગયો છે ત્યારે ક્યારે પૂર્ણ કરવામાં આવશે તે સૌથી મોટો પ્રશ્ન છે.

વોર્ડ નં.૨ અને ૩ની સરહદને વિભાજિત કરતા જામનગર રોડ ઉપર ૭૫ કરોડના ખર્ચે નિર્માણાધીન સાંઢિયા પુલનો પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં એટલે કે માર્ચ-૨૦૨૬માં પૂરો થાય તેમ નથી કારણકે તંત્રના પાપે એક પછી એક વિક્ષેપ આવતા હોવાથી આ કામગીરીમાં વિલંબ થઇ રહ્યો છે.સાંઢિયા પુલના કામે સેન્ટ્રલ પોર્શનમાં એટલે કે રેલવે ટ્રેકની બરોબર ઉપરના ભાગે સ્ટીલ ગર્ડર લોન્ચ કરવા રેલવે તંત્ર પાસે મંજૂરી માગી હતી જે ન મળતા ડિસેમ્બરમાં પુલનું લોકાર્પણ કરવાનું સત્તાધીશોનું સપનું રોળાયું છે. આ પ્રકારની વહીવટી મંજૂરી સમય મર્યાદામાં તંત્રના સત્તાધીશોએ અથવા અધિકારીઓએ લઇ લેવી જોઈએ.

જેથી પુલની કામગીરી અટકે નહિ પરંતુ આળસુ તંત્રને લીધે રેલવે તંત્ર પાસેથી એક મંજૂરી નહિ મળતા હાલ આ પુલની કામગીરી ખોરંભે ચડી ગઈ છે સાંઢિયા પુલનું કામ માર્ચ-૨૦૨૬ સુધીમાં પૂરું કરવાની મુદત છે ત્યારે હવે કામ અટકી ગયું છે અને જ્યાં સુધી રેલવે તંત્રની મંજૂરી ન મળે ત્યાં સુધી આ કામ આગળ ધપી શકે તેમ નથી. સાંઢિયા પુલ સાથે અનેક સોસાયટી, વિસ્તારોમાં વસવાટ કરતા લાખો લોકોને અસર કરતા છે. બજરંગવાડી, પુનિતનગર, વોરા સોસાયટી, મોચીનગર, વાંકાનેર સોસાયટી, લોકો લોકોની તેમજ મુખ્ય એવા રેલનગર વિસ્તારના લાખો લોકો આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે. ભોમેશ્વરમાંથી નીકળે તો ટ્રાફિકજામમાં ફસાઈ જાય છે અને પોપટપરામાંથી નીકળે તો ત્યાં પણ આ જ ટ્રાફિકજામનો સામનો કરવો પડે છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ભુવનેશ્વર સહિત આસપાસના રહેવાસીઓને ખાંસી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે એટલું જ નહીં સવાર અને સાંજે જ્યારે રેલવે ફાટક બંધ થાય ત્યારે ભારે ભીડ જોવા મળતી હોય છે અને પરિણામ સ્વરૂપે તેનો યોગ્ય ઉકેલ આવતો નથી હાલ બહાર નીકળવા લોકોએ પણ ૧૦૦ વખત વિચારવું પડે છે. ત્યારે જોવાનું એ રહ્યું કે શું સરકાર અને સ્થાનિક પ્રશાસન આ અંગે ગંભીરતાપૂર્વક ક્યારે વિચારશે અને ક્યારે પુલનું કામ પૂર્ણ થશે.